| | |
|---|---|
| **GJBN020004161997** | કેસ દાખલ તા.૨૩/૦૬/૧૯૯૭ |
| | કેસ રજુ તા.૨૩/૦૬/૧૯૯૭ |
| | કેસ ફેસલ તા.૩૧/૦૭/૨૦૨૬ |
| | |

# FORM-A

| | |
|---|---|
| આંક | ૬૩ |
| કોર્ટનું નામ | ભાવનગરના મહે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી એ.એસ.શેખ સાહેબની કોર્ટમાં, ભાવનગર |
| ચુકાદાની તારીખ | તા.૩૧/૦૭/૨૦૨૬ |
| ક્રિમીનલ કેસ નંબર | ૨૬૧૩/૧૯૯૭ |
| એફ.આઈ.આર.ની વિગત | એ. ડીવીઝન પો.સ્ટે. ફ. ગુ. નં. ૪૦૪/૧૯૯૬ |
| ગુન્હો | ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષે | વિ.એ.પી.પી.શ્રી બી.એચ.ચુડાસમા |
| આરોપી | ડામોર સવજી ખાતરાજી જેનું ખરૂ નામ ડામોર દાદુ ખાતરાજી ઉ.વ.૨૫, જાતે આદીવાસી ડુંગરી ગરાસીયા, રહે. હાદાનગર, સત્યનારાયણ સોસાયટી, ભાવનગર મુળ ગામ–ઓડ, તા.ભીલોડા, જી. સાબરકાંઠા |
| આરોપીપક્ષે | આરોપી તરફે વિ. વ. શ્રી યુ. વી. ગોહીલ |

# FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૦/૦૮/૧૯૯૬ થી તા.૧૬/૧૦/૧૯૯૬ સુધી કોઇ પણ સમયે |
| એફ.આઈ.આર. તારીખ | તા.૧૬/૧૦/૧૯૯૬ |
| ચાર્જશીટ દાખલ તારીખ | તા.૨૩/૦૬/૧૯૯૭ |

| | |
|---|---|
| ચાર્જ ફ્રેમ કર્યા તારીખ | તા.૦૪/૦૩/૨૦૨૪ |
| પુરાવો ચાલુ થયા તારીખ | તા.૨૩/૦૭/૨૦૨૪ |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ | તા.૩૦/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | તા.૩૧/૦૭/૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન /નિર્દોષ | કરવામા આવેલ સજા | સી.આર.પી. સી.કલમ–૪૨૮ માટે કસ્ટડીમા રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડામોર સવજી ખાતરાજી જેનું ખરૂ નામ ડામોર દાદુ ખાતરાજી | તા.૦૮/૦૧/૧૯૯૭ | Gujarat High Court CRMANo.1247/ 1997 થી તા. ૧૪/૦૩/૧૯૯૭ ના રોજ જામીન મુકત કરેલ | ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ | નિર્દોષ | – | – |

### ફરીયાદપક્ષે / બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી.

### અ. ફરીયાદપક્ષે સાહેદ લિસ્ટ.

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૧૩ | નટવરલાલ કુલશંકર ત્રીવેદીની જુબાની | ફરીયાદી |
| ૪૩ | શાંતીલાલ છોટાલાલ મકવાણાની જુબાની | સાહેદ |
| ૫૧ | રાજેશભાઇ પ્રહલાદભાઇ દેસાઇની જુબાની | સાહેદ |
| ૫૯ | ડામોર કાંતીભાઇ ખત્રાજીની જુબાની | સાહેદ |

### દસ્તાવેજી પુરાવા.

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| ૧૪ | આરોપીએ નોકરી મેળવવા માટે કરેલ અરજી | અસલ |
| ૧૫ | શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૧૬ | અરજદારની ધોરણ–૧૦ ની માર્કશીટ | ખરી નકલ |
| ૧૭ | અરજદારનું ગુજરાતની અનુસુચિત જનજાતી અંગેનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૧૮ | અરજદારનું આદિવાસી સેવા સમિતી શામળાજીનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૧૯ | અરજદારનું સર્વોદય વિનય મંદીર, શામળાજીનું હાયર સેકન્ડરી સ્કુલનું શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૨૦ | અરજદારની ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની ધોરણ–૧૦ ની માર્કશીટ | ખરી નકલ |
| ૨૩ | કેસને લગતા જરૂરી દસ્તાવેજો મેળવવા શાસનાધિકારી કચેરીને લખેલ પત્ર | અસલ |
| ૨૪ | આંક–૨૩ના પત્રના આધારે શાસનાધિકારી કચેરી, દ્વારા આપવામા આવેલ જવાબ | અસલ |
| ૨૫ | અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૨૬ | અરજદારની ધોરણ–૧૦ ની માર્કશીટ | ખરી નકલ |
| ૨૭ | અરજદારનું ગુજરાતની અનુસુચિત જનજાતી અંગેનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૨૮ | અરજદારનું આદિવાસી સેવા સમિતી શામળાજીનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૨૯ | અરજદારનું સર્વોદય વિનય મંદીર, શામળાજીનું હાયર સેકન્ડરી સ્કુલનું શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૩૦ | અરજદારની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (એકઝામીનેશન વીંગ વડોદરા)ની માર્કશીટ | અસલ |
| ૩૧ | અરજદારે શાસનાધિકારી કચેરી ભાવનગર ખાતે હાજર થતા સમયે તાલુકા મેજીસ્ટ્રેટશ્રી ભીલોડા સમક્ષ કરેલ સોગંદનામું | અસલ |
| ૩૨ | અરજદારને શિક્ષક તરીકે નિમણુંક આપ્યા બાદ તાલીમ માટે જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર ખાતે | અસલ |

| | | |
|---|---|---|
| | મોકલતા તે અંગેનો તા.૧૩/૦૫/૧૯૯૬ના રોજનો કાર્યાલય આદેશ | |
| ૩૩ | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર નાઓ દ્વારા તા.૦૬/૦૭/૧૯૯૬ના રોજ પત્ર ક્રમાંક નં.૧૫૬૬/૯૬-૯૭થી આરોપીના ગુણપત્રકોની ખરાઇ કરવા અંગેનો ખાનગી પત્ર | અસલ |
| ૩૪ | સ્કુલ સુપરવાઈઝર આર. પી. દેસાઈ વડોદરા માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીએ તપાસ માટે ગયેલા અને તેઓએ તેમની તપાસ કર્યા બાદ તે અંગેનો લેખિત રીપોર્ટ તા.૧૦/૦૮/૧૯૯૬થી કરેલ. | અસલ |
| ૩૫, ૩૬ | એન. એફ. ત્રીવેદી દ્વારા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને તા.૨૩/૦૯/૨૦૨૪ તથા તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજનું ફોજદારી કેસ નં.૨૬૧૩/૧૯૯૭ ના આધારો મેળવવા બાબતના પત્રો | અસલ |
| ૩૭, ૩૮ | ફરીયાદીએ આરોપી સામે ફરીયાદ કરવા અંગે ગાંધીનગર કચેરી પાસેથી માર્ગદર્શન માંગેલ તેમજ ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને તા.૦૯/૧૦/૨૦૨૪ તથા તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ રીમાઈન્ડર પત્ર આ કામે અનુક્રમં આંક-૩૭ તથા આંક-૩૮ થી રજુ છે. | અસલ |
| ૩૯ | શાસનાધિકારી કચેરી દ્વારા તા.૧૫/૧૦/૧૯૯૬ ના રોજ આરોપી વિરૂધ્ધ યોગ્ય તપાસ કરવા સારૂ પોલીસ ઈન્સ્પેકટર, એ. ડીવીઝન પોલીસ સ્ટેશનને શાસનાધિકારી દ્વારા લખેલ પત્ર | ખરી નકલ |
| ૪૪, ૪૫ | શાંતીલાલ છોટાલાલ મકવાણા દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૫ તથા તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ શાસનાધિકારી કચેરી પાસેથી હાલના ફોજદારી કેસ ન.૨૬૧૩/૧૯૯૭ના દસ્તાવેજોની પ્રમાણીત નકલોની | નકલ |

| | | |
|---|---|---|
| | માંગણી કરતો પત્ર | |
| ૪૬ | ઉપરોકત આંક–૪૪ તથા આંક–૪૫ ના પત્ર અનુસંધાને શાસનાધિકારી કચેરી ધ્વારા તેઓના તા.૧૦/૦૧/૨૦૨૫ના પત્ર જા.નં.એસ્ટા/૨૦૨૪–તા.૨૫/૦૧/૬૪૭ થી તેઓને માહીતી પુરી પાડેલ તે પત્ર | અસલ |

**બ.બચાવ પક્ષે સાહેદ લિસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | ––– | ––– |

**ક. કોર્ટ પક્ષે સાહેદ લિસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | ––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંક**

**અ.ફરીયાદ**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| –– | ––– | ––– |

**બ. બચાવ પક્ષે આંક**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| | | ––––––––– |

**ક. કોર્ટ પક્ષે આંક**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ––– | ––– |

**ડ. કબ્જે કરેલ મુદ્દામાલ**

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ––– | |

## '' જ જ મે ન્ટ ''

**ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત :**

**(૧.૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ગઇ તા.૧૬/૧૦/૧૯૯૬ના રોજ આરોપી ખરેખર દાદુ ખાતરાજી ડામોર હોવા છતા પોતાના ભાઇ સવજી ખાતરાજીનું ખોટુ નામ ધારણ કરી તથા સવજી ખાતરાજીના એસ.એસ.સી. તથા શાળા છોડયા અંગેના પ્રમાણપત્રો બનાવટી ખોટા ઉભા કરી ખોટી માહીતી પુરી પાડી સવજીભાઇ ખાતરાજી નામે ભાવનગરમાં બેકલોગ શિક્ષકની નોકરી મેળવી સને–૧૯૯૨ થી તા.૦૮/૦૧/૧૯૯૭ સુધી પોતે સવજી ખાતરાજી નહી હોવા છતાં તે ખોટા નામે શિક્ષક તરીકે નોકરી કરી પોતાનું અસલ નામ છુપાવી સરકારશ્રી સાથે છેતરપીંડી તથા ઠગાઇ કરી ગુન્હો કરેલ હોવાની લેખીત ફરીયાદ ફરીયાદીએ ''એ'' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપતા, ''એ'' ડીવીઝન પોલીસ સ્ટેશન ઘ્વારા સદરહુ ફરીયાદ અનુસંધાને ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૪૦૪ / ૧૯૯૬ થી આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ મુજબનો ગુન્હો નોંધેલ છે.

**(૧.૨)** સદરહું લેખીત ફરીયાદ અનુસંધાને પોલીસ દવારા એફ.આઈ.આર. નોંઘ્યા બાદ ''એ–ડીવીઝન'' પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. દવારા આ કામની તપાસ હેડ કોન્સ્ટેબલ એન. બી. જોષી નાઓને સોંપતા તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, સંલગ્ન દસ્તાવેજો તપાસના કામે કબ્જે કરી, આરોપીને અટક કરી, તપાસના અંતે આરોપી વિરુઘ્ઘ પુરતો પુરાવો મળી આવતા તેમની સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં કરવામા આવતા કોર્ટ દવારા સદરહુ ચાર્જશીટને રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**(૨.૦)** આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા, તેઓની સામે ઉપરોકત ગુન્હા

અંગેનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૧ તથા કલમ–૧૭૩ મુજબના કાગળોની નકલો વિનામુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૦ અન્વયે આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી તેમની સામેના ગુના અંગેની સમજ આપી તેમની આંક–૦૬ થી તહોમતનામાં અંગે પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ કેસની જોગવાઈ મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩.૦) આ કામે ફરીયાદપક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે. આ સિવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર ફરિયાદ પક્ષે કે આરોપી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધતા તેમા તેઓ મોટાભાગની હકીકતોનો ઈન્કારીયતમા જવાબ આપેલ છે અને વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. તેઓની સામે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. તેઓએ કોઈ ખોટા દસ્તાવેજો બનાવી નોકરી મેળવેલ નથી. તેમજ કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ કરી હાલના કામે ખોટી રીતે સંડોવી દીધેલ હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૪.૦) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી બી. એચ. ચુડાસમાની દલીલો સાંભળી તથા આરોપીના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામા આવેલ છે.

સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા મૌખિક દલીલો કરી એવી રજુઆત કરેલ છે કે, સદરહુ ગુન્હાના કામે ગઈ તા.૧૬/૧૦/૧૯૯૬ના રોજ આરોપી ખરેખર દાદુ ખાતરાજી ડામોર હોવા છતા પોતાના ભાઈ સવજી ખાતરાજીનું ખોટુ નામ ધારણ કરી તથા સવજી ખાતરાજીના એસ.એસ.સી. તથા શાળા છોડયા અંગેના પ્રમાણપત્રો બનાવટી ખોટા ઉભા કરી ખોટી માહીતી પુરી પાડી સવજીભાઈ ખાતરાજી નામે ભાવનગરમાં બેકલોગ શિક્ષકની નોકરી મેળવી સને-૧૯૯૨ થી તા.૦૮/૦૧/૧૯૯૭ સુધી પોતે સવજી ખાતરાજી નહી હોવા છતાં તે ખોટા નામે શિક્ષક તરીકે નોકરી કરી પોતાનું અસલ નામ છુપાવી સરકારશ્રી સાથે છેતરપીંડી તથા ઠગાઈ કરી ગુન્હો કરેલ છે. વધુમાં તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે તપાસ કરતાં ધ્યાનમાં આવતા ઠગાઈ અને છેતરપીંડી થયેલાનું જણાતા ફરીયાદ કરેલ છે. જેથી મોડી ફરીયાદનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સને-૧૯૯૨ થી જયાં સુધી ફરીયાદ થઈ ત્યાં સુધી પગાર લીધેલ છે. સરકારશ્રી તરફે વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી ધ્વારા નોકરી કરેલ નથી કે પગાર લીધેલ નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી. શીક્ષણ અધિકારી ધ્વારા રજુ કરવામા આવેલ ડોકયુમેન્ટ ખોવાઈ ગયેલ છે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આંક-૨૯ થી ઈન્ટરવ્યુ તથા આંક-૩૧ થી કબુલાતનામું રજુ કરેલ છે. આમ, હાલના આરોપીએ અરજીમાં પોતાનું નામ ધારણ કરી સહીઓ કરેલ છે. જેથી આરોપી સામે ઈ.પી.કોડની કલમ-૪૬૭ મુજબનો ગુન્હો પુરવાર થાય છે તેવી જ રીતે આંક-૩૨ થી તાલીમ હુકમ રજુ કરેલ છે. જે દર્શાવે છે કે, ડામોર સવજીભાઈ ઠાકરાજી એટલે કે હાલના આરોપી નોકરીમાં જોડાયેલ છે. આંક-૩૩ વાળો દસ્તાવેજ જીલ્લા શિક્ષણ અધિકારીએ લખેલ છે. આ ઉપરાંત આંક-૩૪ થી શાસનાધિકારીએ પણ પત્ર લખેલ છે. આરોપીના માર્કસમાં પણ ચેડા કરેલ છે. આંક-૪૩ થી તપાસેલ શાંતીલાલ છોટાલાલ મકવાણાની જુબાની જોતાં તેમની ફરજ

ફોર્મ તથા દસ્તાવેજોની ચકાસણીનું કામ હતુ. આ કામના આરોપીએ આંક–૧૪ થી ઉમેદવારી પત્રક ભરેલુ છે. તે રેકર્ડ પર છે. તેમજ આંક–૧૫ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજો પોતાની જુબાનીમાં રીફર કરેલ છે. આ દસ્તાવેજો પોતાની ફરજના ભાગરૂપે રજુ કરેલ છે. આંક–૪૪ થી અસલ ડોકયુમેન્ટ મેળવવા માટે પ્રયત્ન કરેલ છે પરંતુ જે મળી આવેલ નથી. હાલના કામે જે દસ્તાવેજો રજુ કરવામા આવેલ છે. તે સરકારી રેકર્ડ છે. જેને નહી માનવાને કોઈ કારણ નથી. આ કામે આંક–૬૮ થી રાજેશભાઈ પ્રહલાદભાઈ ડેરને તપાસેલ છે. જે શંકા કરનાર વ્યકિત છે. જેઓએ પોતાના ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલ છે. અનુક્રમ નં.૬૨૦૭નો ઉમેદવાર ચેહલભાઈ સવજીભાઈ છે. સદર સાહેદે જે ખામીઓ જણાઈ તેનો રીપોર્ટ રજુ કરેલ છે. જે આ કામે આંક–૩૪ થી રજુ છે. આ રીપોર્ટ પોતાની ફરજના ભાગરૂપે કરેલ છે. આંક–૩૪ ના રીપોર્ટને ફરીયાદી તથા સાહેદે સમર્થન આપેલ છે. આરોપીના ફર્ધર સ્ટેટમેન્ટમા પણ કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થતી નથી. હાલનો કેસ ડોકયુમેન્ટ પર આધારીત ગુન્હો હોય તેમજ આરોપીએ સદર ડોકયુમેન્ટ ખોટા હોવા છતાં તેને સાચા તરીકે રજુ કરી નોકરી મેળવેલ છે તેમજ તે સમયગાળા દરમ્યાન સરકારનો પગાર પણ મેળવેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી યુ. વી. ગોહીલ શ્રીએ આંક–૬૧ થી લેખિત દલીલ રજુ કરેલ છે. જે દલીલ રેકર્ડનો ભાગ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની સંપુર્ણ ચર્ચા કરેલ નથી પરંતુ તેની ટુંકમા હકીકત જોવામા આવે તો તેઓના જણાવ્યા મુજબ ફરીયાદીની આંક–૧૩ની જુબાની જોતાં આરોપીએ કોઈ ખોટા દસ્તાવેજ બનાવી સવજીભાઈ ડામોરના નામે નોકરી કરી હોય તેવી લેશમાત્ર હકીકત પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી. તેમની ઉલટતપાસ જોતાં આ કામે નોકરી માટે જે અરજી કરવામા આવેલી તે અરજીમાં કોઈની સહી ન હતી. તેમજ એ હકીકતનો

સ્વીકાર કરેલ છે કે, આંક–૧૪ વાળી અરજીમાં કચેરીનો કોઈ ઈન્વર્ડ નંબર લખવામા આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, આંક–૧૪ વાળી અરજી કચેરીમાં કેવી રીતે આવેલ એટલે કે રૂબમાં આવેલ કે રજીસ્ટર્ડ ધ્વારા આવેલ તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. આમ, અરજીમાં કોઈ સહી ન હોય કોઈ ઈન્વર્ડ નંબર ન હોય, અરજી કયા માધ્યમથી આવેલ તેવી કોઈ હકીકત પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી.

વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, હાલના આરોપી વિરૂઘ્ધ આંક–૩૪ ના ઈન્કવાયરી રીપોર્ટના આધારે ફરીયાદ કરેલ છે. જે ઈન્કવાયરી રીપોર્ટ આ કામના સાહેદ રાજેશ શાંતીલાલ ઘ્વારા કરવામા આવેલ છે. સદર સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો, હાલની ફરીયાદ ઈન્કવાયરી રીપોર્ટના આધારે કરવામા આવેલ છે. કોઈ પણ સરકારી કચેરીમાં ઈન્કવાયરી થાય તો તેનો આવક જાવક નંબર પાડવામા આવે છે પરંતુ સાહેદનો જવાબ જોતાં આંતરીક પત્રવ્યવહારની બાબતમાં આવક જાવકની જરૂરીયાત નથી. આમ, આર. પી. દેસાઈ નાઓએ જે ઈન્કવાયરી રીપોર્ટ કરેલો તે રીપોર્ટ માની શકાય તેમ નથી. તે જ રીતે સાહેદ આર. પી. દેસાઈની ઉલટતપાસ જોતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે કચેરી તરફથી તપાસ કરવાનો જે લેખિત હુકમ આપેલ તે પોતાની સાથે લાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વડોદરા ખાતે એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં તપાસ કરવા જવાનો છુ તે બાબતે કચેરીને લેખિત મા જાણ કરેલી નથી. સદર સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતાં સદર સાહેદ આંક–૩૪ ના ઈન્કવાયરી રીપોર્ટની મહત્વની હકીકતો છુપાવતા હોય તેવુ રેકર્ડ ઉપરથી પ્રસ્થાપિત થાય છે. જેથી ફરીયાદપક્ષ આંક–૩૪ ની ઈન્કવાયરીની હકીકત પુરવાર કરી શકેલ નથી. આ ઉપરાંત સાહેદની ઉલટતપાસ જોતાં નોકરી અંગેની જાહેરાત માટેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરવામા આવેલ નથી. તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, સરકારી

કર્મચારી સામે કોઈ પણ ફરીયાદ દાખલ કરવાની હોય તો વડી કચેરીની મંજુરી લેવાની હોય છે પરંતુ સદર મંજુરી મળેલ હોય તેવો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. જેથી સી.આર.પી.સી.ની કલમ–૧૯૭ મુજબ આ ફરીયાદ દાખલ કરવાની મંજુરી મળેલ હોય તેવુ પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

વધુમાં જયારે બનાવટી અને ખોટા દસ્તાવેજો બનાવવાનો કેસ હોય તો જયાં સુધી અસલ દસ્તાવેજને બનાવટી દસ્તાવેજ સાથે સરખામણી કરવામા ન આવે ત્યાં સુધી તે સાચુ છે કે ખોટુ તે કહી શકાય નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પસંદગી પામેલ વિદ્યાર્થીનું લીસ્ટ આ કામે રજુ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંક આપતા પહેલા ગાંધીનગર તેમજ વડોદરા જઈ રૂબરૂ અસલ સર્ટીફીકેટની ખરાઈ અને ચકાસણી કરી તેવુ જણાવવામા આવેલ છે પરંતુ તે બાબતનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ કામે નિમણુંક પત્ર માર્ક–સી થી રજુ કરેલ છે અને ૧૯૯૨ ની ભરતી હોવાનું જણાય છે. સાહેદની જુબાની જોતાં સાહેદ માહીતગાર હોવા છતાં જાણી જોઈને ખોટી જુબાની આપતા હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આ ઉપરાંત સાહેદની ઉલટતપાસ જોતાં એ હકીકતનો સ્વીકાર કરવામા આવેલ છે કે, ઉમેદવારની પસંદગી થયા બાદ ડોકયુમેન્ટ વેરીફીકેશન તેમની કચેરી ધ્વારા કરવામા આવેલ છે પરંતુ કયા અધિકારી ધ્વારા કરવામા આવેલ છે તે તેઓ કહી શકે નહી. સદર સાહેદની ઉલટતપાસ જોતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરીયાદ કરી તે અગાઉ રજુ થયેલ દસ્તાવેજો તેમની કચેરીમાંથી કોઈ અસલ સાથે સરખાવેલ હોય તેની કોઈ જાત માહીતી નથી. તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રજુ થયેલ દસ્તાવેજો અલગ અલગ કચેરીના છે. આમ, અસલ દસ્તાવેજને રજુ થયેલ દસ્તાવેજ સાથે સરખાવવામા ન આવે ત્યાં સુધી તે ખોટા અને બનાવટી છે તેવુ કહી

શકાય નહી. આમ, હાલના કેસમાં બીનતાલીમી શિક્ષકને એડહોકમા નોકરી આપતા પહેલા કોઈ પણ ડોકયુમેન્ટ વેરીફીકેશન કરવામા આવેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. તેમજ પ્રોસીકયુશન ધ્વારા ઓળખ રજીસ્ટર, પગાર પાવતી કે કહેવાતી નિમણુંકના આધારે હાલનો આરોપી ફરજ બજાવતો હોય તેવા કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી.

આ કામે સાહેદ શાંતીલાલ છોટાલાલ મકવાણાની જુબાની રજુ કરેલ છે. સદર સાહેદની ઉલટતપાસ જોતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧૪ થી આંક–૨૦ સુધીના જે દસ્તાવેજોની વિગત તેમની સરતપાસમાં જણાવેલ છે તે વિગતો તેમણે પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી તેમજ સદર દસ્તાવેજોમાં ચેકચાક કે અક્ષર ઘુંટેલા હોય તેવી હકીકત પણ નિવેદનમાં જણાવેલ નથી. આ કામે કોઈ ચેકલીસ્ટ રજુ કરેલ નથી. આ કામે જે ભરતી થયેલ તે ૧૯૯૨ ની સાલની ભરતી હતી તે હકીકત જોતાં પસંદગીની કામગીરી અંગે સદર સાહેદને કોઈ અંગત જાત માહીતી ન હોય સદર સાહેદ હીયર સે વિટનેશ ગણી શકાય. આમ સદર સાહેદની જુબાનીથી પણ ફરીયાદપક્ષની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

આ કામે આંક–૫૧ થી તપાસવામા આવેલ સાહેદ રાજેશભાઈ પ્રહલાદભાઈ દેસાઈની જુબાનીનું મુલ્યાંકત કરતાં આંક–૩૪ના ઈન્કવાયરી કરનાર અધિકારીના રીપોર્ટ ના આધારે હાલની ફરીયાદ કરેલ છે. સદર સાહેદ સરકારી અધિકારી હોવા છતાં આંક–૩૪ ના રીપોર્ટ સિવાય અન્ય કોઈ દસ્તાવેજોને રીફર કરી પુરવાર કરેલ નથી. તેમજ સદર સાહેદ તપાસ કરવાનો જે લેખિત હુકમ મળેલ તે હુકમ પણ આ કામે રજુ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એસ.એસ.સી. બોર્ડની કચેરીમા તપાસ કરવા જવાના છે તે બાબતે કચેરીને કોઈ જાણ કરેલી નથી

તેમજ તે બાબતે કચેરીના ફરજ રજીસ્ટર નામનું કોઈ રજીસ્ટર નિભાવવામા આવતુ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં જે તપાસ કરેલ તે તપાસના કામે કોઈ અસલ રેકર્ડ કબ્જે કરેલ નહી. તેમજ એસ.એસ.સી. બોર્ડના કર્મચારીના કોઈ નિવેદન લીધેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મહેશભાઈ સોલંકી પાસેથી માર્કશીટ મેળવી આરોપીની માર્કશીટ સાથે સરખામણી કરેલ નથી કે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની અસલ સાથે ખરાઈ કરેલ નથી. આ ઉપરાંત આંક–૩૪ નો રીપોર્ટ જોતાં કચેરીનો ઈન્વર્ડ નંબર ૬૭૬, તા.૮/૭/૧૯૯૬નો દર્શાવવામા આવેલ છે તે જોતાં એક મહીના પછી તપાસમાં ગયેલ હોય તેવુ પ્રથમ દર્શનીય જણાઈ આવે છે. આમ, સદર ઈન્કવાયરી રીપોર્ટ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

આ કામે કાંતીભાઈ ખતરાજી ડામોર ની જુબાનીનું મુલ્યાંકન કરતાં તેઓ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોય તેમની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થયેલ નથી તેમજ આ કામે મહત્વના એવા સાહેદ સવજીભાઈ ખતરાજી ડામોરનું કોઈ નિવેદન લીધેલ નથી કે પ્રોસીકયુશને તેઓને તપાસેલ નથી.

ફરીયાદપક્ષના જણાવ્યા મુજબ બીનતાલીમી શિક્ષકોની ભરતી ૧૯૯૨ માં બહાર પડેલ તેમજ તાલીમાર્થીઓને તાલીમ પુર્ણ થયા પછી ૧૯૯૬–૯૭મા નિમણુંક આપવામા આવેલ છે. જયારે ભરતી ૧૯૯૨ માં કરવામા આવેલ હોય ત્યારે તમામ ડોકયુમેન્ટ વેરીફાય કરવાની જવાબદારી જે તે ખાતાની છે. આ દસ્તાવેજોનું વેરીફીકેશન કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે રજુ કરેલ નથી.

સદર કામે ફરીયાદપક્ષે સરકારી કર્મચારી સામે ફરીયાદ કરતા પહેલા પરવાનગી લેવી જોઈએ તેવી કોઈ પરવાનગી પ્રોસીકયુશન ધ્વારા લેવામા આવેલ નથી. આમ, ફરીયાદપક્ષે સી.આર.પી.સી. ની કલમ–૧૯૭ ની મેન્ડેટરી જોગવાઈનો

ભંગ કરેલ હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. વધુમાં ફરીયાદપક્ષે જે દસ્તાવેજો રજુ કરેલ છે તે દસ્તાવેજો કેવા માધ્યમથી આવેલ છે, ઈન્ટરવ્યુ કમીટીના કોઈ પણ દસ્તાવેજો ને ફરીયાદી કચેરીએ રજુ રાખેલ નથી. દસ્તાવેજોનું વેરીફીકેશન કોણે કરેલુ છે તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી. એકમાત્ર ઈન્કવાયરી રીપોર્ટના આધારે ફરીયાદ કરેલ હોય તેમજ ઓળખ રજીસ્ટરની કોઈ નોંધ, કોઈ નોકરી અંગેનું હાજરીપત્રક, પગાર, પહોંચ કે પ્રોસીકયુશન કેસ મુજબ પગાર મેળવ્યાની રીકવરી કરવામા આવેલ હોય તેવા કોઈ દસ્તાવેજો કે સાધનીક પુરાવા આ કામે રજુ કરેલ નથી. આ કામે ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર સાહેદ અવસાન પામેલ હોય મહત્વના સવાલો તેમજ કોન્ટ્રાડીકશન કે ઓમીશન બાબતે પ્રોસીકયુશન પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલા દસ્તાવેજોને એફ.એસ.એલ. પરીક્ષણ માટે હેન્ડરાઈટીંગ એક્ષપર્ટને મોકલેલ હોય તેવુ કાંઈ જણાતુ નથી. તેમજ ગુજરાત બોર્ડ ગાંધીનગર કે વડોદરા બોર્ડના કોઈ અધિકારીને સમન્સ કરી કહેવાતા દસ્તાવેજો સંબંધે તપાસેલ નથી તેમજ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ સંબંધે શામળાજી સ્કુલના કોઈ સક્ષમ અધિકારીને આ કામે તપાસવામા આવેલ નથી કે વેરીફાય કરવામા આવેલ નથી તેમજ સહ-કર્મચારી કે તાલીમ કે નોકરી સંબંધેના કોઈ પુરાવા રજુ કરેલ ન હોય ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષે જે આરોપ આરોપી સામે મુકેલ છે તેવો લેશમાત્ર પુરાવો રજુ કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

વધુમાં આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ધ્વારા મૌખિકમા દલીલ કરતા જણાવેલ છે કે, આંક-૧૪ ની અરજીમાં કોઈ નામ નથી. કયા માધ્યમથી આપેલ

તે દર્શાવેલ નથી. ઈન્ટરવ્યુ કમીટીના કોઈ સાક્ષીને તપાસેલ નથી. અસલ હુકમો રજુ થયેલ નથી. દાદુજી ખાતરાજીની આવક અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. નિમણુંક અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ઓળખ પરેડ કરાવેલ નથી. અસલ દસ્તાવેજો સાથે કોઈ સરખામણી કરવામા આવેલ નથી. ફરીયાદ પાંચ વર્ષ પછી કરવામા આવેલ છે. હાલના આરોપી નોકરી કરતા હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે મહત્વના સાહેદ સવજીભાઈ ડામોરને તપાસેલ નથી. આંક–૩૪ નો રીપોર્ટ પુરવાર કરી શકેલ નથી. આ કામે અસલ ડોકયુમેન્ટ રજુ કરેલ નથી. અસલ માર્કશીટ મેળવીને ખરાઈ કરેલ નથી. આરોપીની આઈડેન્ટીફીકેશન પરેડ કરેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આરોપી તરફે પોતાના બચાવના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) સ્ટેટ વર્સીસ સુનીલ કપુર, ૩૧ માર્ચ ૨૦૨૨ તીસ હજારી કોર્ટ દીલ્હી,

(૨) સ્ટેટ વર્સીસ વિકાસ નેન દીલ્હી કોર્ટ,

(૩) ૨૦૨૫(૦) એ.આઈ.જે.ઈ.એલ. એચ.સી., ૨૫૧૧૩૨,

(૪) અબ્દુલરશીદ ભટ્ટ વર્સીસ સ્ટેટ ઓફ જમ્મુ કશ્મીર, ક્રિમીનલ અપીલ નં .૫/૨૦૨૦

(૫) ફોજદારી કેસ નં.૩૯૪૦/૧૯૯૫, ચીફ કોર્ટ

(૬) રામશંકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ૧૯૭૧(૩) એસ.સી.સી. પાન નં.૯૦૫,

(૭) ૨૦૧૧(૨) જી.એલ.આર. પાના નં.૧૪૨૯, એસ.સીદ્દીકી વર્સીસ રામાલીંગમ,

(૮) ૨૦૧૯(૩) જી.એલ.આર. પાના નં.૧૬૯૨,

(૯) ૧૯૬૬ એ.આઈ.જે.ઈ.એલ. એસ.સી. ૨૪૩૧૪

(૧૦) ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ભાવનગર, ફોજદારી કેસ નં.૫૬૯૬/૧૯૯૩

ઉપરોકત રજુ થયેલ ઓથોરીટીઓ માનસહ વંચાણે લીધી. જેની જરૂર પડયે ચર્ચા કરવામા આવશે.

**નિર્ણય માટેના મુદ્દા :**

**(૫.૦)** ઉપરોકત કેસની હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામા આવેલ પુરાવાઓ તેમજ બન્ને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો તથા આક્ષેપીત ગુન્હાઓ અંગેની ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ ધ્યાને લેતા આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા ઓ**

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે સાબીત કરે છે કે, ગઈ તા.૧૬/૧૦/૧૯૯૬ના રોજ આરોપી ખરેખર દાદુ ખાતરાજી ડામોર હોવા છતા પોતાના ભાઈ સવજી ખાતરાજીનું ખોટુ નામ ધારણ કરી તથા સવજી ખાતરાજીના એસ.એસ.સી. તથા શાળા છોડયા અંગેના પ્રમાણપત્રો બનાવટી ખોટા ઉભા કરી ખોટી માહીતી પુરી પાડી સવજીભાઈ ખાતરાજી નામે ભાવનગરમાં બેકલોગ શિક્ષકની નોકરી મેળવી સને-૧૯૯૨ થી તા.૦૮/૦૧/૧૯૯૭ સુધી પોતે સવજી ખાતરાજી નહી હોવા છતાં તે ખોટા નામે શિક્ષક તરીકે નોકરી કરી પોતાનું અસલ નામ છુપાવી સરકારશ્રી સાથે છેતરપીંડી તથા ઠગાઈ કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૬.૦)** ઉપરોકત મુદાઓના મારા ન્યાયીક નિર્ણય અને તારણો નીચે મુજબ

છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**(૭.૦) <u>મુદ્દા નં.૧ તથા ર અંગે :-</u>**

**(૭.૧) <u>ભારતીય દંડ સંહીતાની કલમ-૪૧૯, ૪૨૦ ના તત્વો :</u>**

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીએ તહોમતનામામાં દર્શાવ્યા મુજબના ભારતીય દંડ સંહીતાની કલમ-૪૧૯, ૪૨૦ મુજબના ગુન્હા પૈકી કોઈ ગુન્હો કરેલ છે કે કેમ? તે અંગે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન આ ગુન્હાઓની વ્યાખ્યા તથા તે ગુન્હાઓના તત્વો અનુંસંધાને કરવામા આવે તો ફરીયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૪૧૯, ૪૨૦નો ગુન્હા સાબીત કરવા નીચે મુજબના તત્વો સાબીત કરવાના રહે છે.

**(એ) કલમ-૪૧૯ ના તત્વો :-**

૧. આરોપીને કોઈ વ્યકિત સાથે ઠગાઈ કરી હતી,

૨. તેણે તેવી ઠગાઈ તે વ્યકિતને,

(ક). પોતે કોઈ બીજી વ્યકિત છે એમ ઢોંગ કરીને કે એમ રજુઆત કરીને,

(ખ). જાણી બુઝીને કોઈ વ્યકિતને બદલે બીજી વ્યકિતને ગોઠવીને કે રજૂ કરીને કરી.

**<u>(બી) કલમ-૪૨૦ ના તત્વો :-</u>**

૧. આરોપીએ ફરીયાદી સાથે ઠગાઈ કરી,

૨. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ,

૩. આરોપીએ અપ્રમાણીકપણે છેતરાયેલી વ્યકિતને લલચાવીને કોઈ મિલકત આપી

દેવા અથવા કોઈ કીંમતી જામીનગીરી અથવા સહી કે સિકકો કરેલી ચીજ જેને કીંમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી, અથવા

૪. આરોપીએ તેમા ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણીકપણે લલચાવી.

**(૭.૨)** આમ, ઉપરોકત ગુન્હાઓના તત્વો ધ્યાને લેતા એ હકિકત સ્પષ્ટ છે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૯ હેઠળનો ગુન્હો સાબીત કરવા માટે સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એ હકિકત સાબીત કરવી પડે કે, આરોપી કોઈ વ્યકિત સાથે બીજી વ્યકિત બનીને ઠગાઈ કરી હોય અને ગુન્હાહીત વિશ્વાસઘાત કરેલ છે. જયારે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦ મુજબનો ગુન્હો સાબીત કરવા માટે ફરીયાદપક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે આરોપીએ ગેરરજુઆત કરીને પ્રથમથી જ કપટપુર્વક અથવા અપ્રમાણીક ઈરાદે ફરીયાદીને લલચાવી કોઈ મિલકત મેળવી લીધેલ અને તેનાથી મીલકત આપનારને નુકશાન અથવા હાની પહોંચેલ છે.

**''ગુન્હાહિત વિશ્વાસઘાત'' તથા ''ઠગાઈ'' ના તત્વો :**

આ કામે જયારે હાલના આરોપી સામે ફરીયાદી ની મીલકતમા ગેરકાયદેસર અનધિકૃત પ્રવેશ કરી ખોટા દસ્તાવેજો બનાવી ફરીયાદી સાથે ઠગાઈ કરવાનો તથા ગુન્હાહિત વિશ્વાસઘાત કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૯ તથા કલમ–૪૨૦ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે.

આ કામે જયારે હાલના આરોપી સામે 'ઠગાઈ' કરવાનો તથા 'ગુન્હાહિત વિશ્વાસઘાત' કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૯, ૪૨૦ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે, ત્યારે આ ગુન્હા કયારે બનેલા ગણાંય તે અંગે તે ગુન્હાઓના તત્વોની ચર્ચા કરતા પહેલા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મા આપવામાં

આવેલ ''ગુન્હાહિત વિશ્વાસઘાત'' તથા કલમ–૪૧૫ મા આપવામા આવેલ ''ઠગાઈ'' ની વ્યાખ્યા ઘ્યાને લેવામા આવે તો, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા ઘ્યાને લેતા કોઈ મીલકત કોઈ વ્યકિતને સોપવામા આવી હોય અને તે મીલકતની તે વ્યકિત અપ્રમાણીકપણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમા લે અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુજીને લેવા દે તો ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ હોવાનું કહી શકાય. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૫ મા આપવામા આવેલ ઠગાઈની વ્યાખ્યા ઘ્યાને લેતા કોઈપણ વ્યકિત જયારે કોઈ અન્ય વ્યકિતને અપ્રમાણીકપણે અથવા કપટ પુર્વક કોઈ વ્યકિતને મીલકત સોપી આપવા માટે લલચાવે અને તેના કારણે અન્ય વ્યકિતને નુકશાન અથવા હાની થાય અથવા થવાનો સંભવ હોય તો 'ઠગાઈ' નો ગુન્હો બનેલ હોવાનું ગણાંય.

વધુમાં ''અપ્રમાણીકપણે'' ની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ–૨૪ માં આપવામાં આવેલ છે જે જોવામાં આવે તો,

<u>કલમ–૨૪. ''અપ્રમાણીકપણે'' </u>:–

'' કોઈ વ્યકિત, કોઈ વ્યકિતને સદોષ લાભ મેળવી આપવાનાં ઈરાદાથી અથવા કોઈ વ્યકિતને સદોષ હાની પહોંચાડવાના ઈરાદાથી કાંઈ કરે તો તેણે ' અપ્રમાણીકપણે' કર્યુ છે, તેમ કહેવાય''.

હવે, ઉપરોકત વ્યાખ્યા સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ–૨૩ જોવામા આવે તો તેમા સદોષ લાભ અને સદોષ હાની તથા સદોષ મેળવવુ તથા સદોષ ગુમાવવુ તેની વ્યાખ્યા આપવામા આવેલ છે અને તે નીચે મુજબ છે.

કલમ–૨૩. 'સદોષ લાભ' / 'સદોષ હાનિ':–

‘સદોષ લાભ’ એટલે લાભ મેળવનાર વ્યકિતએ કાનૂની રીતે હકકદાર ન હોય તેવી મિલકતનો ગેરકાનૂની સાધનો દવારા મેળવેલ લાભ.

‘સદોષ હાનિ’ એટલે હાનિ પામનાર વ્યકિતએ કાનૂની રીતે હકકદાર હોય તે મિલકત માટે ગેરકાનૂની સાધનો દવારા ભોગવેલ હાનિ.’’

‘સદોષ મેળવવુ’/‘સદોષ ગુમાવવુ:–

‘‘ કોઈ વ્યકિત કોઈ વસ્તુ સદોષ મેળવે અથવા સદોષ રાખે ત્યારે તે વ્યકિતએ સદોષ લાભ મેળવ્યો કહેવાય. કોઈ વ્યકિતને કોઈ મિલકતમાં થી સદોષ બાકાત રાખવામા આવે અથવા સદોષ વંચિત કરવામાં આવે ત્યારે સદોષ હાનિ નીપજી કહેવાય.’’

**(૭.૩) ભારતીય દંડ સંહીતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૫ ના તત્વો :**

**કલમ–૪૬૫ ના તત્વો:–**

૧. આરોપીએ કોઈ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવુ ચીન્હ કર્યુ કે દસ્તાવેજ નો કોઈ ભાગ કરી આપ્યો.

૨. આવો દસ્તાવેજ કલમ ૪૬૪મા દર્શાવેલા ત્રણ પૈકી કોઈ એક પ્રકારમા પડતો હતો.

૩. આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણીકપણે અથવા કપટપૂર્વક અથવા કલમ ૪૬૩મા દર્શાવેલા કોઈ ઈરાદાથી કરી આપ્યો.

**કલમ–૪૬૭ ના તત્વો :–**

**૧).** કલમ–૪૬૩ તથા કલમ–૪૬૪ ના તત્વો હોય તે પ્રથમ આવશ્યકતા છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૩ ધ્યાને લેતાં

**બનાવટી દસ્તાવેજ બનાવવો (કૂટલેખન)**

કોઈ પણ વ્યકિત, જનતાને અથવા કોઈ વ્યકિતને નુકશાન કરવાના અથવા

હાનિ પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હકકનું સમર્થન કરવાના અથવા કોઈ વ્યકિત કોઈ મિલ્કત આપી દે તેવુ કરવાના અથવા તેની પાસે કોઈ સ્પષ્ટ કે ગર્ભિત કરાર કરાવવાના ઈરાદાથી અથવા કપટ કરવાના અથવા કપટ કરવામા આવે તેવા ઈરાદાથી કોઈ બનાવટી દસ્તાવેથ અથવા કોઈ દસ્તાવેજનો ભાગ બનાવે તે બનાવટી દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૪ ધ્યાને લેતાં

**ખોટો દસ્તાવેજ બનાવવો.**

કોઈ પણ વ્યકિત

પહેલુ – કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો કોઈ ભાગ જે વ્યકિતએ અથવા જે વ્યકિતના અધિકારથી બનાવ્યો નથી, તેના પર સહિ કરી નથી, તેના પર સિકકો માર્યો નથી કે તે કરી આપ્યો નથી તેવુ જાણતી હોય તે વ્યકિતએ અથવા તે વ્યકિતના અધિકાર થી તે બનાવ્યો છે તેના પર સહિ કરી છે, તેના પર સિકકો માર્યો છે કે તે કરી આપ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી અથવા જે સમયે તે થયો નથી, તેમા સહિ થઈ નથી, તેના પર સિકકો માર્યો નથી કે તે કરી આપવામા આવ્યો નથી, તે સમયે તે થયો છે, તેમાં સહિ થઈ છે, તેના પર સિકકો માર્યો છે કે તે કરી આપવામા આવ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક તે દસ્તાવેજનો કોઈ ભાગ બનાવે, તેમા સહિ કરે, તેના પર સિકકો મારે કે તે કરી આપે અથવા તે દસ્તાવેજ કરી આપવામા આવ્યો છે તેવુ દર્શાવતી નિશાની કરે અથવા

બીજું – પોતે અથવા અન્ય કોઈ વ્યકિતએ અમુક દસ્તાવેજ બનાવ્યા બાદ કે તે કરી આપ્યા બાદ કાનૂની અધિકાર વગર અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક રદૃ કરીને કે અન્ય રીતે તે દસ્તાવેજના મહત્વના ભાગમાં ફેરફાર કરે, પછી ભલે તે અન્ય વ્યકિત દસ્તાવેજમાં એવો ફેરફાર કરવા સમયે હયાત હોય કે હયાત ન હોય, અથવા

ત્રીજું – કોઈ વ્યકિત મગજની અસ્થિરતા કે નશાના કારણે અમુક દસ્તાવેજમાં શું વિગતો છે અથવા તેમા કેવા પ્રકારનો ફેરફાર થાય છે તે જાણી શકે તેમ નથી અથવા તે વ્યકિતની સાથે છેતરપીંડી થઈ હોવાના કારણો જાણતી નથી તેવુ પોતે જાણવા છતાં તેની પાસે અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક તે દસ્તાવેજ પર સહિ કરાવે, સિકકો મરાવે, તે દસ્તાવેજ કરાવી લે કે તેમાં ફેરફાર કરાવે તેણે ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય.

**૨).** જે દસ્તાવેજોની બનાવટ કરવામા આવી હોય તે દસ્તાવેજ (૧) કીંમતી જામીનગીરી, (૨) વસીયતનામું, (૩) પુત્ર દતક લેવાનો અધિકાર, (૪) અથવા કોઈ વ્યકિતની કીંમતી જામીનગીરી તબદિલ કરવાનો અધિકાર અથવા કોઈ વ્યકિતને કીંમતી જામીનગીરી પર મુખ્ય રકમ વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો અધિકાર અથવા કોઈ વ્યકિતની કોઈ જંગમ મિલ્કત અથવા કીંમતી જામીનગીરી કે નાણા સ્વીકારવાનો કે આપવાનો અધિકાર અથવા રકમ મળી હોય તેની પહોંચ આપવાનો અધિકાર અથવા કોઈ જંગમ મિલ્કત કે કીંમતી જામીનગીરી મળી ગઈ હોવાની પહોંચ આપવાનો અધિકાર આપવામા આવ્યો હોય તેવો દસ્તાવેજ હોવો જોઈએ.

**<u>કલમ–૪૭૫ ના તત્વો :–</u>**

૧. આરોપીએ કોઈ દસ્તાવેજ પ્રમાણિત કરવા માટે વપરાતી મુદ્રા કે ચિહન અથવા પદાર્થ ની બનાવટ કરી,

૨. આવુ કૃત્ય આરોપીએ તે દસ્તાવેજ પ્રમાણિત થયેલો છે તેવુ દર્શાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવી જાણ હોવા છતાં કર્યુ,

૩. આ રીતે તે દસ્તાવેજ બનાવટી ઉભો કરવામા આવ્યો અથવા ત્યારબાદ તે બનાવટી ઉભો કરવામા આવનાર હતો,

૪. આરોપી તેવા ઈરાદાથી કોઈ મુદ્રા અથવા નિશાની કે પદાર્થનો કબ્જો ધરાવતા હતા,

૫. જે સંબંધમાં કૃત્ય કરવામા આવ્યુ હતુ તે દસ્તાવેજ કલમ–૪૬૭ મુજબનો હતો.

ઉપર મુજબના તત્વો ધ્યાને લેવામા આવે તો કોઈ વ્યકિત અન્ય કોઈ વ્યકિતને નુકસાન કરવાના ઈરાદાથી અથવા કપટ કરવાના ઈરાદાથી કોઈ બનાવટી દસ્તાવેજ અથવા કોઈ દસ્તાવેજનો ભાગ બનાવે તો તેને આવો ગુન્હો કરેલો છે તેમ કહી શકાય. વધુમાં બનાવટી દસ્તાવેજ બનાવનાર વ્યકિત આ દસ્તાવેજ ખોટો હોવાનું જાણતી હોય છે. તે ઉપરાંત કપટ કરવાનો ઈરાદો એ આ કલમનું મહત્વનું તત્વ છે અને કપટ કરવાના ગુન્હામાં છેતરપીડીનું તત્વ અવશ્યપણે હોય છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન :</u>**

(૮.૦) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે સૌ પ્રથમ આંક–૧૩ થી ફરીયાદી નટવરલાલ કુલશંકર ત્રિવેદી નાઓને તપાસવામા આવેલા છે આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ ધ્યાને લેવામા આવે તો, તેઓએ જણાવેલ છે કે, સને–૧૯૯૭ની સાલમાં તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતી ભાવનગર ખાતે શાસનાધિકારી તરીકે તેમની ફરજ બજાવતા હતા. આ કામના આરોપી સવજીભાઈ ખાતરાજી ડામોર નાઓએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતી ભાવનગર ખાતે નોકરી મેળવવા માટે અરજી કરેલી. જે અરજી અસલ તેઓ આજરોજ કોર્ટમા રજુ કરે છે જેમા અરજદારનો ફોટો છે અને અરજદારનું નામ, શૈક્ષણીક વિગત વિગેરે હકીકતો દર્શાવેલ છે. જે આ કામે આંક–૧૪ થી રજુ કરેલ છે. વધુમાં ફરીયાદી તેમની જુબાનીમા સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના આરોપીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતી સમક્ષ જે અરજી કરેલ તેની સાથે જે દસ્તાવેજો રજુ કરેલા તેમા સર્વોદય વિનય મંદીર શામળાજી નું શાળા

છોડયાનું પ્રમાણપત્ર ક્રમાંક નં.૮૭૮ રજુ કરેલ. જેમા વિદ્યાર્થી ક્રમાંક ૨૧૫૦, વિદ્યાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી દર્શાવેલ છે જેની જન્મ તા.૦૧.૦૬.૧૯૭૧ તેમજ શાળામા દાખલ થયા તા.૧૬.૦૬.૧૯૮૫ લખેલ છે. જેમાં તા.૧૬.૦૬.૧૯૮૫ ઘુટીને લખવામા આવેલાનું જણાય છે. આ શાળા છોડયાના પ્રમાણપત્રમાં શાળા છોડયાની તારીખના કોલમમાં ધોરણ-૧૦ ન્યુ એસ.એસ.સી. પાસ પર લીટો મારી બાજુમાં તા.૩૦.૦૬.૧૯૮૮ લખેલ છે. આ પ્રમાણપત્રમાં નીચે દર્શાવેલ તારીખમાં તા.૩૧.૦૫ લખેલ છે કોઈ સાલ લખેલ નથી. આરોપીએ અરજી સાથે રજુ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ આ કામે આંક-૧૫ થી રજુ કરેલ છે. ફરીયાદી વધુમા જણાવેલ છે કે, આરોપીએ તેઓની અરજી સાથે ગુજરાત રાજય માધ્યમીક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની ધોરણ-૧૦ ની માર્કશીટની ઝેરોક્ષ રજુ કરેલ. જેમા કેન્ડીડેટ નંબર-ડી.૬૨૭૦૭, વિદ્યાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી દર્શાવેલ છે જેમા માર્કશીટમાં કુલ સાત વિષય બતાવેલા છે અને પાસ કર્યા વર્ષ માર્ચ-૧૯૮૮ દર્શાવેલ છે અને રીઝલ્ટ પાસ દર્શાવેલ છે જે માર્કશીટની ખરી નકલ આ કામે આંક-૧૬થી રજુ કરેલ છે. આરોપીએ તેઓની અરજીની સાથે ગુજરાતની અનુસુચિત જનજાતી અંગેનું પ્રમાણપત્રની નકલ રજુ કરેલી. જે સવજીભાઈ ખાતરાભાઈ ડામોરના નામનું છે. જે ખરી નકલ આ કામે આંક-૧૭થી રજુ કરેલ છે. આરોપીએ તેઓની અરજીની સાથે આદીવાસી સેવા સમિતી, શામળાજીનું પ્રમાણપત્રની ઝેરોક્ષ રજુ કરેલ. જેમા કોઈનું નામ દર્શાવેલ નહી. જેની ખરી નકલ આ કામે આંક-૧૮થી રજુ કરેલ છે. ફરીયાદી વધુમા જણાવેલ છે કે, આરોપીએ તેઓની અરજીની સાથે સર્વોદય વિનય મંદિર, શામળાજીનું હાયર સેકન્ડરી સ્કુલનું શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર રજુ કરેલ. જેનો જા.નં.૨૬૬/૮૮-૮૯, વિદ્યાર્થીનો ક્રમ.૧૭૭, અનુક્રમ નં.૯૯૩, તથા વિદ્યાર્થીનું

નામ ડામોર સવજીભાઈ ખાતરાજી તથા જન્મ તા.૦૧.૦૬.૧૯૭૧ દર્શાવેલ છે જે જન્મ તારીખ ઘુંટીને જણાઈ આવે છે અને જેમાં દાખલ તા.૧૬.૦૬.૧૯૮૫ દર્શાવેલ છે જે પણ ઘુંટાયેલી જણાય છે. જેમા શાળા છોડયા તા.૩૦.૦૬.૮૮ લખેલ છે. જે પણ ઘુંટાયેલી જણાય છે. પ્રમાણપત્ર આપ્યા તા.૦૨.૧૧.૧૯૮૭ બતાવેલ છે. જેની ખરી નકલ આ કામે આંક–૧૯ થી રજુ કરેલ છે. આરોપીએ તેઓની અરજીની સાથે ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની ધોરણ–૧૦ ની માર્કશીટ રજુ કરેલ, જેમા બેઠક નંબર–ડી.૬૨૭૦૭ જેમા વિદ્યાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી દર્શાવેલ છે, જેમા માર્કશીટમાં કુલ સાત વિષય બતાવેલા છે અને પાસ કર્યા વર્ષ માર્ચ–૧૯૮૮ દર્શાવેલ છે અને રીઝલ્ટ પાસ દર્શાવેલ છે. જેમા આંકડાઓ તથા નામ ઘુંટાયેલા હોવાનું જણાય છે જે માર્કશીટની ખરી નકલ આ કામે આંક–૨૦ થી રજુ કરેલ છે. ફરીયાદી વધુમા જણાવેલ છે કે,આ કામના આરોપીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, ભાવનગર ખાતે કરેલી અરજી તથા સાથે રજુ રાખેલ દસ્તાવેજોના આધારે આરોપીને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, ભાવનગર ધ્વારા ઈન્ટરવ્યુ માટે બોલાવેલા તે અંગે તા.૨૯.૦૮.૧૯૯૨ ના પત્રથી જાણ કરવામા આવેલ. તેમણે આ કેસને લગતા જરૂરી દસ્તાવેજો મેળવવા માટે શાસનાધિકારી કચેરી, ભાવનગરને પત્ર લખેલ. જે પત્ર તેઓ આજરોજ કોર્ટમા રજુ કરે છે જેમા તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૨૩થી રજુ કરેલ છે. સદર આંક–૨૩ ના પત્ર અનુસંધાને તેમને શાસનાધિકારી કચેરી ધ્વારા જવાબ આપવામા આવેલ. જે જવાબમાં એવુ જણાવેલ છે કે, તેમણે આંક–૨૩ થી જે માહીતી માંગેલ તે માહીતી પૈકી ક્રમ નં.૧, ૩ તથા ૪ ની માહીતી ઉપલબધ્ધ છે તથા ક્રમ નં.૨ તથા ૫ થી ૯ વાળી માહીતી કચેરીમાં ઉપલબ્ધ નથી. જે જવાબ અસલ આ કામે આજરોજ કોર્ટમા રજુ કરતા જે આ કામે આંક–૨૪થી

રજુ કરેલ છે. આ કામના આરોપીને તા.૨૯/૦૮/૧૯૯૨ના પત્રથી આરોપીને તા.૧૬/૦૯/૯૨ ના રોજ ઈન્ટરવ્યુમાં હાજર રહેવા માટે જાણ કરવામા આવેલ. જે પત્રમાં જે તે વખતના શાસનાધિકારી વી.આર.વાઢેરની સહી છે.જેઓની સહી તેમણે સાથે કામ કરેલ હોવાથી ઓળખે છે. જેની નકલ રજુ કરતા તેને હાલના તબકકે માર્ક–એ. આપવામા આવેલ. આ ઈન્ટરવ્યુ કમીટીમાં સરકારના નિયમ પ્રમાણે (૧) અધ્યક્ષ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શ્રી બી. એચ. ભટૃ સાહેબ, (૨) જીલ્લા શિક્ષણ અધિકારી, ભાવનગર એચ. એમ. ભાવસાર, (૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર શ્રી વી. આર. વાઢેરનાઓ હતા. જે પત્રની ઝેરોક્ષ નકલ આ કામે માર્ક.બી. થી રજુ છે. ફરીયાદી વધુમા જણાવેલ છે કે, આ કામના આરોપીએ ઈન્ટરવ્યુ સમિતિ સમક્ષ સર્વોદય વિનય મંદીર, શામળાજીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ કરેલ. જેને તેમની અગાઉની જુબાનીમાં આંક–૧૫ આપવામા આવેલ જે અસલ પ્રમાણપત્ર આ કામે આજરોજ લાવેલ છે. સદર શાળા છોડયાના પ્રમાણપત્રમાં અનુક્રમ નં.૮૭૮ તથા જ. ર. નં.૨૧૫૦ દર્શાવેલ છે. જેમા વિદ્યાર્થી તરીકે નામ ડામોર સવજીભાઈ ખાતરાજી લખેલ છે અને જન્મ તા.૦૧.૦૬.૧૯૭૧ શાળામા દાખલ તા.૧૬.૦૬.૧૯૮૫ દર્શાવેલ છે. જે શાળાની દાખલ તારીખમાં તારીખનો જે આંકડો છે તે ઘુંટેલો જણાય છે. આ સર્ટીફીકેટમાં ક્રમ નં.૧૩ માં શાળા છોડયાની તારીખમાં ધોરણ–૧૦ ન્યુ એસ.એસ.સી. પાસ ૩૦.૦૬.૧૯૮૮ પર છેકછાક કરેલી છે. જે સર્ટીફીકેટની ખરી નકલ આ કામે આંક–૨૫ થી રજુ કરેલ છે. ફરીયાદી વધુમા જણાવેલ છે કે, આ કામના આરોપી ઈન્ટરવ્યુ કમિટી પાસે ઈન્ટરવ્યુ આપવા આવ્યા ત્યારે ધોરણ–૧૦ ગુજરાત માધ્યમીક બોર્ડ, વડોદરાની માર્કશીટ લઈને આવેલ. જે માર્કશીટની ઝેરોક્ષ નકલને અગાઉની તેમની જુબાનીમાં આંક–૧૬થી રજુ કરેલ. જે માર્કશીટ અસલ/ દ્વુ

કોપી જે આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ રજુ કરેલ. તે આજરોજ તેમની સાથે લાવેલ છે. જે ખરી નકલ આ કામે આંક–૨૬ થી રજુ કરેલ છે. આંક–૧૬ તથા આંક–૨૬ ની વિગતો સરખી છે. તેમણે તેમની અગાઉની જુબાનીમાં આ કામના આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ ગુજરાતની અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રની ઝેરોક્ષ ખરી નકલ રજુ કરેલ. જે આ કામના આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ રજુ કરેલ. જે તેઓ આજરોજ તેમની સાથે લાવેલ છે.જે આ કામે આંક–૨૭થી રજુ કરેલ છે. આંક–૧૭ તથા આંક–૨૭ની વિગતો સરખી છે. વધુમાં ફરીયાદી જુબાનીમા એવી હકીકત પણ જણાવેલ છે કે, તેમણે તેમની અગાઉની જુબાનીમાં આ કામના આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ આદિવાસી સેવા સમિતી શામળાજીનો ભલામણ પત્રની ઝેરોક્ષ નકલ આંક–૧૮ થી રજુ કરેલ. જે આ કામના આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ રજુ કરેલ. જે આજરોજ તેમની સાથે લાવેલ છે. જે આ કામે આંક–૨૮થી રજુ કરેલ છે. આંક–૧૮ તથા આંક–૨૮ની વિગતો સરખી છે. તેમણે તેમની અગાઉની જુબાનીમાં આ કામના આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ સર્વોદય વિનય મંદીર શામળાજીનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ આંક–૧૯ થી રજુ કરેલ છે. જે આ કામના આરોપીએ અસલ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ રજુ કરેલ તે આજરોજ તેમની સાથે લાવેલ હોય જે આ કામે આંક–૨૯થી રજુ કરેલ છે. આંક–૧૯ તથા આંક–૨૯ ની વિગતો સરખી છે. તેમણે તેમની અગાઉની જુબાનીમાં આ કામના આરોપીએ તેઓની અરજી સાથે ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (એકઝામીનેશન વીંગ વડોદરા) ની માર્કશીટ રજુ કરેલ. જેની ઝેરોક્ષ ખરી નકલ આંક–૨૦ થી રજુ કરેલ છે. જે આ કામના આરોપીએ અસલ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ રજુ કરેલ. તે તેઓ આજરોજ સાથે લાવેલ છે. જે આ કામે આંક–૩૦ થી રજુ કરેલ છે. આંક–૨૦ તથા આંક–૩૦ ની વિગતો સરખી છે. ઈન્ટરવ્યુ સમિતી સમક્ષ જે ઈન્ટરવ્યુ

થયેલા તેમા ઈન્ટરવ્યુ કમીટી દ્વારા પસંદગી યાદી તૈયાર કરવામા આવેલી અને આ કામના આરોપીને પ્રાથમિક શાળાના શિક્ષની જગ્યા પર પસંદ કરવામા આવેલા જેના આધારે આરોપીને જે તે વખતના શાસનાધિકારી ભાવનગર દ્વારા આરોપીને નિમણું કનો હુકમ આપવામા આવેલ. જે નિમણુંક હુકમની નરલ આજરોજ તેઓ તેમની સાથે લાવેલ હોય જે નિમણુંક હુકમને માક–સી. આપેલ છે. વધુમાં ફરીયાદી તેમની જુબાનીમા એવી હકીકત પણ જણાવેલ છે કે, આ નિમણુંક હુકમમાં શરત નં.૧૩ હતી તે મુજબ કોઈ પણ પસંદગી પામેલ ઉમેદવારે રજુ કરેલ દસ્તાવેજો કે સર્ટીફીકેટ ખોટા હોવાનું જણાઈ આવેથી તેની સામે ફોજદારી કેસ દાખલ કરી, ચુકવાયેલ પગાર વ્યાજ સાથે વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે તેવી શરત દર્શાવવામા આવેલી છે. આ કામના આરોપીએ શાસનાધિકારી કચેરી, ભાવનગર ખાતે હાજર થતા સમયે તાલુકા મેજીસ્ટ્રેટશ્રી, ભીલોડા સમક્ષ કરેલ સોગંદનામું રજુ કરેલ. જે સોગંદનામામા જણાવ્યા મુજબ માર્ક–સી. મા દર્શાવેલ શરત નં.૧૩ માં જણાવ્યા મુજબ આરોપીએ ઈન્ટરવ્યુ કમીટી સમક્ષ રજુ કરેલ દસ્તાવેજો સાચા અને ખરા છે અને જો ખોટા સાબિત થશે તો નિયમાનુસાર કાર્યવાહી આરોપી સામે કરવામા આવે તો વાંધો નથી તેમજ તેમને ચુકવાયેલ પગાર પરત લેવામા આવે તો તેમને વાંધો નથી તેવુ સોગંદનામું કરી સ્વીકારેલ છે. જે સોગંદનામાની ખરી નકલ આજરોજ તેમની સાથે લાવેલ છે. જે સોગંદનામામા આ કામના આરોપીની સહી છે તેમજ તેમા તેમની પણ સહી છે. જે આ કામે આંક–૩૧ થી રજુ કરેલ છે. સદર આરોપીને શિક્ષક તરીકે નિમણુંક આપ્યા બાદ સરકારશ્રીના નિયમ મુજબ તાલીમ માટે આરોપીને જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ભાવનગર ખાતે મોકલવામા આવેલા. જે અંગેનો કાર્યાલય આદેશ તા.૧૩/૦૫/૧૯૯૬ ના રોજ તેમની સહીથી કરવામા આવેલો.જેમા તેમની સહી છે જેની પ્રમાણીત નકલ તેઓ આજરોજ રજુ કરતા

તેને આ કામે આંક–૩૨થી રજુ કરેલ છે. આંક–૩૨ માં ક્રમ નં.૧ પર આ કામના આરોપીનું નામ છે. આરોપીને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર ખાતે તાલિમ માટે મોકલવામા આવતા ત્યાં ફરજ બજાવતા પ્રિન્સીપાલ દ્વારા આરોપીના અસલ પ્રમાણપત્રોની ચકાસણી તથા ખરાઈ કરતા તે શંકાસ્પદ માલુમ પડેલા. જેને આધારે તા.૦૬/૦૭/૧૯૯૬ના રોજ પત્ર ક્રમાંક નં.૧૫૬૬/૯૬–૯૭ થી તેઓને ખાનગી પત્ર લખી મજકુર આરોપીના ગુણપત્રકોની ખરાઈ કરવા માટે જણાવવામા આવેલુ. જે પત્રની પ્રમાણીત નકલ તેઓ આજરોજ તેની સાથે લાવેલ છે. જેમા પ્રિન્સીપાલ જીલ્લા શિક્ષણ અને તાલિમ ભાવનગર નાઓની સહી છે. જે આ કામે આંક–૩૩થી રજુ કરેલ છે. સદર આંક–૩૩ ના પત્ર આધારે તેઓ તેમની કચેરીમા ફરજ બજાવતા સ્કુલ સુપરવાઈઝર શ્રી આર. પી. દેસાઈ નાઓને ઉપરોકત બાબતે ખરાઈ કરવા તેમજ તપાસ કરવા માટે લેખિત હુકમ કરેલ. સદર લેખિત હુકમની માંગતી તેઓએ તા.૦૩.૦૭.૨૦૨૪ના રોજ આંક–૨૩ ના પત્રથી શાસનાધિકારી કચેરીને માંગેલ પરંતુ તે તેમને મળી શકેલ નથી. તેમના ઉપરોકત હુકમના આધારે સ્કુલ સુપરવાઈઝરશ્રી આર. પી. દેસાઈ વડોદરા માધ્યમીક શિક્ષણ બોર્ડની કચેરીએ તપાસ માટે ગયેલા અને તેઓએ તેમની તપાસ કર્યા બાદ તે અંગેનો લેખિત રીપોર્ટ તેઓને તા.૧૦/૦૮/૯૬ થી કરેલ. જે રીપોર્ટની પ્રમાણીત નકલ તેઓ તેમની સાથે લાવેલ છે. જેમા સ્કુલ સુપરવાઈઝર આર. પી. દેસાઈની સહી ઓળખી બતાવી આ કામે આંક–૩૪થી રજુ કરેલ છે. આર.પી.દેસાઈના તપાસ રીપોર્ટ મુજબ આ કામના આરોપી સવજીભાઈ ખાતરાજીએ માર્ચ–૧૯૯૧ મા શીટ નં.૩૯૧ ૨૨ થી એસ.એસ.સી. પરીક્ષા પાસ કરેલ છે જેમા કુલ ગુણ–૭૦૦ માંથી ૩૫૧ ટકા ૫૦ એ પાસ કરેલ હોવાનું જણાવેલ છે અને મજકુર આરોપીએ કચેરીમાં જે આધારો રજુ કર્યા છે તેમા બેઠક નં.ડી૬૨૭૦૭ માર્ચ–૧૯૮૮ માં નામ ડામોર સવજીભાઈ

ખાતરાજી કુલ ગુણ-૭૦૦ માંથી ૫૦૫ દર્શાવી ગુણપત્રક રજુ કરેલ છે તેમજ ગુણપત્રક, બેઠક નં.ડીક્ર૭૦૭ નંબરે અન્ય વ્યકિતનું નામ છે તેના ગુણમાં પણ તફાવત જોવા મળેલ છે. જેમા દર્શાવ્યા પ્રમાણે ડીક્ર૭૦૭ ના ઉમેદવારનું નામ સોલંકી ચહેરાભાઈ સવજીભાઈ છે. જેમને ૭૦૦ માથી ર૯૫ માર્કસ મળેલ છે અને નાપાસ જાહેર થયેલ છે. વધુમાં ફરીયાદી તેમની જુબાનીમા એવી હકીકત પણ જણાવેલ છે કે, મજકુરે રજુ કરેલ સર્વોદય વિનય મંદીર શામળાજી જી.સાબરકાંઠાનું શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર જા.નં.ર૬ર/૮૮-૮૯ અનુક્રમ નં.૯૯૩ થી જે રજુ થયેલ છે તે ગુણપત્રક જોતાં યોગ્ય જણાતુ નથી. શાળા છોડયાના પ્રમાણપત્રમાં શાળા છોડયાની તા.૩૦.૦૬.૧૯૮૮ દર્શાવેલ છે. જયારે પ્રમાણપત્રમાં નીચેના ભાગમાં પ્રમાણીત કર્યાની તા.૦ર.૧૧.૧૯૮૭ લખાયેલ છે તેમજ આચાર્યશ્રી સર્વોદય વિનય મંદીર શામળાજીની સહી પણ શંકાસ્પદ જણાય છે. સ્કુલ સુપરવાઈઝરશ્રી આર. પી. દેસાઈના લેખિત રીપોર્ટના આધારે આરોપી સવજીભાઈ ડામોરને શો કોઝ નોટીસ આપી ખુલાસો માંગવામા આવેલ. જે શો કોઝ નોટીસની નકલ તેમણે કચેરી પાસે માંગેલ પરંતુ તે તેમને મળેલ નથી. આરોપી ધ્વારા આ શો કોઝ નોટીસનો કોઈ ખુલાસો આપવામા આવેલ ન હતો. આરોપી ધ્વારા શો કોઝ નોટીસનો કોઈ ખુલાસો ન આપતા તેઓએ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરને સંપુર્ણ વિગત સાથે પત્ર લખી, તે અંગે માર્ગદર્શન માંગેલ. આ પત્ર પણ તેમણે તેમની કચેરી પાસે માંગેલ જે તેમને મળી શકેલ નથી. ફરીયાદી વધુમા તેમની જુબાનીમા એવી હકીકત પણ જણાવેલ છે કે, તેમણે આ કામે આરોપી સામે ફરીયાદ કરવા અંગે ગાંધીનગર કચેરી પાસેથી માર્ગદર્શન માંગેલ અને તે અંગેના પત્ર વ્યવહાર તેમણે ગાંધીનગર કચેરી પાસેથી માંગેલ પરંતુ તે તેમને મળી આવેલ નથી. તેમણે આ બાબતે ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને તા.૦૯.૧૦.૨૪ તથા

તા.૧૯.૧૦.ર૪ના રોજ રીમાઈન્ડર પત્ર પણ લખેલ છે પરંતુ તેમ છતાં સદર કાગળો મળી આવેલ નથી તેમજ તા.ર૧.૧૦.ર૪ના રોજ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરની કચેરીએ રૂબરૂ પણ ગયેલ હતા પરંતુ સદર કાગળો મળી આવેલ નથી. તા.૦૯.૧૦.ર૪ના તથા તા.૧૯.૧૦.ર૪ના પત્ર આજરોજ તેઓ તેમની સાથે લાવેલ છે.જે આ કામે અનુક્રમે આંક–૩૭ અને આંક–૩૮ થી રજુ કરેલ છે. ફરીયાદી વધુમા જણાવેલ છે કે, તા.૧૫.૧૦.૧૯૯૬ના રોજ તેમણે આરોપી સામે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. જે ફરીયાદની ખરી નકલ બતાવતા તેમા તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૩૯ થી રજુ કરેલ છે. તેમણે આ કામે જે વ્યકિત વિરૂઘ્ધ ફરીયાદ આપેલ તે આજરોજ કોર્ટમા હાજર હોય તેને તેઓ ઓળખે છે. તેમની ફરીયાદ આપ્યા બાદ, પોલીસે તા.૧૮.૧૧.૧૯૯૬ ના રોજ વિશેષ નિવેદન લીધેલ અને બીજુ વિશેષ નિવેદન તા.ર૧.૧૧.૧૯૯૭ ના રોજ લીધેલ. તેમના વિશેષ નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે, તેમણે જે ફરીયાદ નોંધાવેલ તે ડામોર સવજીભાઈ ખાતરાજીની સામે નોંધાવેલ પરંતુ નોકરીમાં તેમના ભાઈ દુદાભાઈ ખાતરાજી ડામોર નોકરી કરતા હતા અને તે સમયે દુદાભાઈ જેલમાં હતા.

સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા વિગતવાર ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં તેઓએ તે હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે નોકરી માટે જે અરજી કરવામા આવેલી તે અરજીમાં કોઈ પણ વ્યકિતની સહી ન હતી. આંક–૧૪ વાળી જે અરજી છે તે અરજીમાં તેમની કચેરીનો કોઈ ઈન્વર્ડ નંબર પાડવામા આવેલ નથી. આંક–૧૪ ની જે અરજી છે તેમાં અરજી સાથે લીવીંગ સર્ટીફીકેટ, માર્કશીટ અને જાતિનો દાખલો બીડાણમાં દર્શાવેલ છે તે સિવાય તેમણે રજુ કરેલા દસ્તાવેજનો ઉલ્લેખ અરજી સાથે બિડાણ તરીકે ઉલ્લેખ કરેલ નથી. વધુમાં ફરીયાદી બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા એ વાતનો સ્વીકાર કરે છે કે,

આંક–૧૪ વાળી જે અરજી છે તેમાં જ વ્યકિતનો ફોટો છે તે ફોટો પણ કોઈએ ઓળખી બતાવેલ નથી. આંક–૧૪ વાળી અરજી તેમની કચેરીમાં કેવી રીતે આવેલ એટલે કે, રૂબરૂ આપવામા આવેલી કે રજીસ્ટર્ડ ધ્વારા આવેલી તેઓ પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી. આ અરજી તેમની કચેરીમાં આવી તે વખતે તેઓ ભાવનગર ખાતે શાસનાધિકારી તરીકે ફરજ બજાવતા ન હતા. તેમણે હાલની જે ફરીયાદ કરેલ છે તે તેમની કચેરી ખાતે જે ઈન્કવાયરી કરવામા આવેલ તે ઈન્કવાયરી રીપોર્ટના આધારે કરેલ છે. વધુમાં બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છે કે, આ કામે જે ઈન્કવાયરી કરવામા આવેલ છે તે ઈન્કવાયરીની તમને કોઈ અંગત જાત માહીતી નથી? તેના જવાબમા ફરીયાદી જણાવે છે કે, ઈન્કવાયરી તેમના સ્ટાફના સ્કુલ સુપરવાઈઝર આર. પી. દેસાઈ ધ્વારા કરવામા આવેલ. તેઓ અંગત રીતે ઈન્કવાયરીના કામે ગયેલા નથી. વધુમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, કોઈ પણ સરકારી કચેરીમાં કોઈ ઈન્કવાયરી થાય તો તેના માટે તેનો આવક જાવક નંબર પાડવામા આવે છે. ત્યારબાદ બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છે કે, આંક–૩૪ વાળા ઈન્કવાયરી રીપોર્ટમાં આપની કચેરીનો કોઈ આવક જાવક નંબર લખેલ નથી અને માત્ર સાલ લખેલી છે ? તેના જવાબમા ફરીયાદી જણાવે છે કે, કચેરીની આંતરીક પત્ર વ્યવહારની બાબતોમાં આવક જાવક નંબરની જરૂરીયાત નથી. રીપોર્ટ આપનાર કર્મચારી ધ્વારા કચેરીને જે નોંધ પ્રાપ્ત થાય તેના પર તેમની નોંધ કરવામા આવે છે. વધુમા તેઓ એ વાત પણ સ્વીકારેલ છે કે, તેમની કચેરીમાંથી નોકરી અંગે કોઈ જાહેરાત બહાર પાડવામા આવેલ હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. ૧૯૯૭ ની સાલમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા બિન તાલીમી શિક્ષકોને પણ નોકરી આપવામા આવેલ. સરકારી કર્મચારી સામે ફરીયાદ દાખલ કરવાની હોય તો વડી કચેરીની મંજુરી લેવાની હોય છે. સાહેદ સ્વેચ્છાએ

જણાવે છે કે, આ કામે તેઓએ મંજુરી માંગેલ અને મંજુરી મળેલી પણ છે. વધુમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમણે આ ફરીયાદ દાખલ કરવાની મંજુરી મળેલ હોય તેવો કોઈ આધાર તેમણે ફરીયાદ સાથે રજુ રાખેલ નથી. વધુમાં બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છેકે, જયાં સુધી કોઈ અસલ દસ્તાવેજ ને તેના બનાવટી દસ્તાવેજ સાથે સરખામણી કરવામા ન આવે ત્યાં સુધી તે દસ્તાવેજ ખોટો છે કે સાચો તે કહી શકાય નહી ? તેના જવાબમાં ફરીયાદી એવી હકીકત જણાવેલ છે કે, આ કામે જે દસ્તાવેજો રજુ કરવામા આવેલા તે દસ્તાવેજો જ શંકાસ્પદ જણાયેલા અને તેની સરખામણી પણ કરવામા આવેલ અને માઘ્યમીક શિક્ષણ બોર્ડના આધારો પણ સરખામણી કરવામા આવેલા. વધુમાં ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, ઈન્ટરવ્યુ કમિટીની હકીકત વિશે તેમને કોઈ અંગત જાત માહીતી નથી. ઈન્ટરવ્યુ કમીટી ઘ્વારા ફાઈનલ પસંદગી કરવામા આવેલ લિસ્ટ શાસનાધિકારી કચેરીને મોકલવામા આવે છે. ઈન્ટરવ્યુ કમીટીએ પસંદ કરેલા વિદ્યાર્થીનું લીસ્ટ આ કામે રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, પસંદગી પામેલ ઉમેદવારોને નોકરીની નિમણુંક આપતા પહેલા ગાંધીનગર તેમજ વડોદરા ખાતે રૂબરૂ જઈ અસલ સર્ટીફીકેટોની ખરાઈ અને ચકાસણી કરવી તેવુ જણાવવામાં આવેલ. આ કામે આરોપીના સર્ટીફીકેટોની ચકાસણી કરવી તેવુ જણાવવામા આવેલ. આ કામે આરોપીના સર્ટીફીકેટોની ચકાસણી કરવામા આવેલ હોય તેવા કોઈ આધારો તેમણે ફરીયાદ સાથે રજુ કરેલા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓ તે વખતે શાસનાધિકારી તરીકે ફરજ બજાવતા ન હોય તે અંગે જાત માહીતી નથી. વધુમા તેઓ એ વાત સ્વીકારેલ છે કે, તેમની કચેરીના દસ્તાવેજોની તેમને અંગત જાત માહીતી છે. ઉમેદવારની પસંદગી થયા બાદ ડોકયુમેન્ટ વેરીફીકેશન તેમની કચેરી ઘ્વારા કરવામા આવતુ હોય છે. આ ડોકયુમેન્ટ વેરીફીકેશન કયા અધિકારી

ધ્વારા કરવામા આવેલ તે તેઓ કહી શકે નહી. આરોપીને નોકરી અગાઉ કરવામા આવેલ મેડીકલ ટેસ્ટના પુરાવા આ કામે રજુ રાખેલ નથી. તેમને આ કામે કેસ સંબંધે પોલીસ સ્ટેશનમાં એક વખત જવાનો પ્રસંગ બનેલો. આ ફરીયાદ કરી તે અગાઉ રજુ થયેલા દસ્તાવેજ તેમની કચેરીમાં થી કોઈ તે અસલ સાથે સરખાવેલા હોય તે અંગે તેમને કોઈ જાત માહીતી નથી. રજુ થયેલા દસ્તાવેજો અલગ અલગ કચેરીના છે. વધુમાં બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છે કે, તમારી રૂબરૂમાં આ કામના આરોપીએ કોઈ નોકરી કરેલ નથી ? તેના જવાબમાં ફરીયાદી એવી હકીકત જણાવેલ છે કે, તેમની હાજરીમાં સવજીભાઈ ખાતરાજી ડામોરના નામે તેમના ભાઈ દાદુભાઈ ખાતરાજી ડામોર નોકરી કરતા હતા. વધુમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમણે ફરીયાદ આપી ત્યા સુધી સવજીભાઈ ખાતરાજીના નામે દાદુભાઈ ખાતરાજી નોકરી કરતા હતા તે હકીકત તેઓ જાણતા ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યારબાદ વધુ તપાસમાં આ વિગત ખુલવા પામેલ. વધુમાં ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેમની પાસે કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. ત્યારબાદ અન્ય તમામ હકીકતોનો ઈન્કારીયતમા જવાબ આપેલ છે.

(૯.૦) સદર ફરીયાદપક્ષ તરફે આંક-૪૩થી સાહેદ શાંતિલાલ છોટાલાલ મકવાણા નાઓને તપાસવામા આવેલા છે તેઓ તેમની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, સને-૧૯૯૬ ની સાલમાં તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાસનાધિકારી કચેરી ભાવનગર ખાતે જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. બનાવ સમયે એટલે કે ૧૯૯૬ની સાલમાં તેઓ આ જગ્યાએ ૨૩ વર્ષ થી ફરજ બજાવતા હતા. તેમની ફરજના ભાગરૂપે તેમને આ કચેરીમાં નવા શિક્ષકો દાખલ થાય તેના ફોર્મ તથા પ્રમાણપત્રો અને અરજી આવે તેની ચકાસણી કરવાની રહે છે. આ ફોર્મ તથા તેની સાથેના પ્રમાણપત્રો પ્રથમ કચેરી આવેલ ઈન્વર્ડ ટેબલ પર

જાય અને ત્યાંથી ઈન્વર્ડ થયા બાદ તેમના ટેબલ પર આવે. આ અરજી તથા પ્રમાણપત્રો તેમના ટેબલ પર આવે ત્યારબાદ તેમને તે અંગે ચકાસણી કરવાની હોય છે. ત્યારબાદ આ અરજી તથા પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ જે તે ઉમેદવારના ઈન્ટરવ્યુ સમયે તેમને આ અરજી તથા પ્રમાણપત્રો પસંદગી સમિતી સમક્ષ રજુ કરવાના હોય છે. જો અરજી તથા તેની સાથેના પ્રમાણપત્રોમાં કોઈ શંકા કે ખામી જણાય તો તેમને તે અંગે ચેકલીસ્ટમાં તેની નોંધ કરવાની હોય છે. આ કામના આરોપી સવજીભાઈ ખાતરાજી ડામોર નાઓની અરજી તેમની કચેરીમાં બેકલોગના બેઝ પર રજી. એ. ડી. ધ્વારા આવેલી. જે અરજી ઈન્વર્ડ ટેબલ પર નોંધાયા બાદ તેમની પાસે આવેલી. સવજીભાઈ ખાતરાજીએ તેઓની અરજી સાથે રજુ કરેલ પ્રમાણપત્રો તેમને બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે. આંક–૧૪ બતાવતા જે ડામોર સવજીભાઈ ખાતરાજીએ કરેલ અરજી ફોર્મ છે. જે અરજી નગર પાલીકા શિક્ષણ અધિકારી પ્રાથમિક શાળા વિભાગ ભાવનગરને કરેલી. જેના પર તેઓનો ફોટો લગાડેલો છે. જેમા તેઓની જન્મ તા.૦૧.૦૬.૧૯૭૧ દર્શાવેલ છે તેમજ તેઓની લાયકાત વિગેરે દર્શાવેલ છે. આ અરજીમાં અરજી સાથે જે પ્રમાણપત્રો જોડવામા આવેલા છે, તે દર્શાવેલા છે. આંક–૧૫ બતાવતા જે સર્વોદય વિનય મંદીર શામળાજીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર છે જેમા ક્રમાંક નં.૮૭૮ લખેલ છે. જેમા સામાન્ય પત્રકમાં વિદ્યાર્થીનો ક્રમાક નં.૨૧૫૦ દર્શાવેલ છે અને વિદ્યાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી તથા જન્મ તા.૦૧.૦૬.૧૯૭૧ દર્શાવેલ છે અને શાળામાં દાખલ તા.૧૬.૦૬.૧૯૮૫ લખેલ છે અને આંક–૧૫ વાળા દસ્તાવેજમા શાળામાં દાખલ થયા તારીખમા વર્ષ ૮૫ ઘુંટાયેલ હોવાનું જણાય છે. આંક–૧૫ માં અનુક્રમ નં.૧૩ માં શાળા છોડયાની તારીખ ધોરણ–૧૦ ન્યુ એસ.એસ.સી. પાસ પર છેકો મારી

બાજુમાં તા.૩૦.૦૬.૧૯૮૮ લખેલ છે. આંક–૧૫ મા જે પ્રમાણપત્ર આપવામા આવેલ છે તેમાં તા.૩૧.૦૫ લખેલ  છે અને કોઈ સાલ લખેલ નથી. સાહેદ વધુમા જણાવેલ છે કે, તેમને આંક–૧૬ બતાવતા જે ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ધ્વારા આપવામા આવેલ ધોરણ–૧૦ ની માર્કશીટની ખરી નકલ છે. જેમા સેન્ટર નં.૩૪૮ લખેલ છે અને સીટ નં.ડી૬૨૭૦૭ અને વિધાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી અને સીરીયલ નં.૨૫૩૯૯૫, તેમજ પાસ કર્યાનું વર્ષ માર્ચ–૧૯૮૮ લખેલ છે તેમજ કુલ ગુણ ૭૦૦ અને મેળવેલ ગુણ ૫૦૫ તેમજ રીઝલ્ટ પાસ દર્શાવેલ છે. આંક–૧૭ બતાવતા જે દસ્તાવેજ ડામોર સવજીભાઈ ખાતરાજીને આપવામા આવેલ ગુજરાતની અનુસુચિત જનજાતિ અંગેનું પ્રમાણપત્ર છે. જે પ્રમાણપત્રમાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ભીલોડાનો સિકકો છે અને તેની બાજુમાં તે ઓફીસરનું રાઉન્ડ સીલ મારેલ છે. આંક–૧૮ બતાવતાં જે આદિવાસી સેવા સમિતિ ભીલોડાનો ભલામણપત્ર છે જેમા કોઈનું નામ લખવામા આવેલ નથી. જે તા.૧૪/૦૮/૧૯૯૧નો છે. જેમા નીચે આચાર્ય હરીશચન્દ્ર આશ્રમ શાળા, તા.ભીલોડાનો સહી તથા સીકકો છે. આંક–૧૯ બતાવતા જે હાયર સેકન્ડરી સ્કુલ સર્વોદય વિનય મંદીર, શામળાજીનું શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર છે જેમાં હાયર સેકન્ડરી સ્કુલ હાથ થી જ લખેલુ છે. જેનો જા.નં. ૨૬૨/૮૮–૮૯ લખેલ છે, જે અક્ષરો ઘુંટેલા હોવાનું જણાય છે જેમા અનુક્રમ નં.૯૯૩ દર્શાવેલ છે અને વિધાર્થીનો ક્રમ ૧૭૭ દર્શાવેલ છે જેમા વિધાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી અને જન્મ તા.૦૧.૦૬.૧૯૭૧ લખેલ છે, જેમા ૭૧ ઘુંટેલુ જણાય છે જેમા શાળા દાખલ તા.૧૬.૦૬.૮૫ દર્શાવેલ છે. જેમા તારીખ ઘુંટેલી હોય તેવુ જણાય છે અને આ પ્રમાણપત્રમાં શાળા છોડયા તા.૩૦.૦૬.૮૮ દર્શાવેલ છે જે પણ ઘુંટેલી જણાય છે. આ પ્રમાણપત્રમાં નીચે પ્રમાણિત કર્યાની તા.૦૨.૧૧.૮૭ દર્શાવેલ છે. તેમને

આંક–૨૦ બતાવતા તે એસ.એસ.સી. બોર્ડની માર્કશીટ છે જેમા સેન્ટર નં.૩૪૮, સીટ નં.ડી–૬૨૭૦૭, વિદ્યાર્થીનું નામ ડામોર સવજીભાઈ ખાતરાજી, સીરીયલ નં.૨૫૩૯૯૫, પાસ કર્યાનું વર્ષ, માર્ચ–૧૯૮૮, કુલ ૭ વિષય અને મેળવેલ ગુણ ૫૦૫ અને રીઝલ્ટ પાસ દર્શાવેલ છે. આ આખી માર્કશીટ ઘુંટેલી હોવાનું જણાય છે. વધુમાં સાહેદ તેમની જુબાનીમા એવી હકીકત પણ જણાવેલ છે કે, તેમને રજુ થયેલ દસ્તાવેજો પૈકી જે દસ્તાવેજોમાં ઘુંટેલ હોવાનું અને છેકછાક હોવાનું લાગ્યુ તે દસ્તાવેજની તેમને ચેકલીસ્ટમાં નોંધ કરેલી. તેમણે આ દસ્તાવેજોની ચકાસણી કરેલી અને દસ્તાવેજોમાં જે નોંધ કરેલી જેની માંગણી તેમણે શાસનાધિકારી કચેરીમાં તા.૦૩.૦૧.૨૦૨૫ના રોજ કરેલી પરંતુ કચેરી તરફથી આ દસ્તાવેજો તેમને પુરા પાડવામા આવેલા નથી. તેમણે કચેરીને લખેલ તા.૦૩.૦૧.૨૦૨૫નો પત્ર તેઓ આજરોજ રજુ કરેલ છે જેમા તેમણે કચેરી પાસેથી જે દસ્તાવેજોની માંગણી કરેલ તેનો ઉલ્લેખ કરેલો છે જેમા તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૪૪ થી રજુ કરેલ છે. તા.૦૩.૦૧.૨૦૨૫ના પત્ર બાદ પણ તેમને કચેરી ધ્વારા આ દસ્તાવેજો પુરા પાડવામા આવેલ નહી. જેથી તેમણે તા.૦૯.૦૧.૨૦૨૫ ના રોજ કચેરીને સ્મૃતિ પત્ર પાઠવેલો. જે સ્મૃતિપત્ર તેઓ રજુ કરતા આ કામે આંક–૪૫ થી રજુ કરેલ છે. ઉપરોકત આંક–૪૪ તથા ૪૫ ના પત્ર અનુસંધાને શાસનાધિકારી કચેરી ધ્વારા તેઓના તા.૧૦.૦૧.૨૫ ના પત્ર જા.નં.એસ્ટા/ ૨૦૨૪–૨૫/૦૧/૬૪૭ થી તેઓને માહીતી પુરી પાડેલ પરંતુ આ માહીતી તેમણે આંક–૪૪ તથા આંક–૪૫ જે માહીતી માંગેલ તે મુજબની નથી. વધુમાં આ પત્રમાં એવો ઉલ્લેખ કરેલ છે કે, કચેરીના તમામ રેકર્ડ તપાસતા કેસને લગત કોઈ ફાઈલ હાલ મળેલ નથી. તા.૧૦.૦૧.૨૦૨૫ના પત્ર જા. નં.એસ્ટા/૨૦૨૪–૨૫/૦૧/૬૪૭ વાળી માહીતી આજરોજ તેઓ

તેમની સાથે લાવેલ છે જે આ કામે આંક–૪૬થી રજુ કરેલ છે. ત્યારબાદ પસંદગી સમીતી ધ્વારા ડામોર સવજીભાઈ ખાતરાજીનો ઈન્ટરવ્યુ લેવામા આવેલો તે વખતે પસંદગી સમિતિ ધ્વારા તેઓના પ્રમાણપત્રોમાં જે ઘુંટાયેલી અને છેકાયેલી જે વિગતો છે તે બાબતે તેમની પુછપરછ કરેલી. તે વખતે ડામોર સવજીભાઈ ખાતરાજી એ પસંદગી સમિતી સમક્ષ આ પ્રમાણપત્રો પાણીમાં પલળી ગયા છે જેથી તેમણે હાથે ઘુંટેલા છે તેવો ખુલાસો કરેલો. ત્યારબાદ આ બાબતે જીલ્લા તાલિમ ભવન ગાંધીસ્મૃતિ, ભાવનગર ધ્વારા તેમની શાસનાધિકારી કચેરી, ભાવનગરને આ અંગે ખરાઈ કરવા સુચના આપવામા આવેલ. તેમને આંક–૩૩ વાળો પત્ર બતાવતા આ પત્ર જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ગાંધીસ્મૃતિ, ભાવનગર ધ્વારા તેમની કચેરીને લખવામા આવેલ પત્ર છે. સાહેદ વધુમા એવી હકીકત પણ જણાવેલ છે કે, આંક–૩૩ વાળા પત્રના આધારે તેમના જે તે સમયના શાસનાધિકારીએ જે તે સમય ના સ્કુલ સુપરવાઈઝર રાજેશભાઈ પી. દેસાઈ ને ખરાઈ કરવા માટે ઈન્કવાયરી સોંપેલી અને શ્રી આર.પી.દેસાઈ આ ઈન્કવાયરીના કામે વડોદરા બોર્ડમાં રૂબરૂ ખરાઈ કરવા માટે ગયેલા. જેમા સવજીભાઈ ખાતરાજી ડામોરે રજુ કરેલા પ્રમાણપત્રો ખોટા અને બોગસ હોવાનું અને કોઈક બીજાના નામના હોવાનું જણાઈ આવેલ. જે અંગે શ્રી આર. પી. દેસાઈએ તેમના જે તે સમયના શાસનાધિકારીશ્રીને રીપોર્ટ કરેલો. જે આ કામે આંક–૩૪ થી રજુ કરવામા આવેલ તે જ રીપોર્ટ છે. ઉપરોકત બનાવના અનુસંધાને તેમના શાસનાધિકારીશ્રીએ હાલના આરોપી સવજીભાઈ ખાતરાજી ડામોર સામે પોલીસ ફરીયાદ દાખલ કરેલી, જે સંદર્ભે પોલીસે તેમની પુછપરછ કરેલી. અદાલતમા હાજર આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા વિગતવાર ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવેલ છે કે, આ કામે પોલીસે તેમનું

નિવેદન તેમની કચેરીએ નોંધેલુ પરંતુ તેમનું નિવેદન કઈ તારીખે નોંધવામા આવેલ તે ચોકકસ તારીખ તેઓ હાલમાં જણાવી શકે નહી. વધુમા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ કામના ફરીયાદીએ તેમની કચેરીમાં તેમના ઉપરી અધિકારી હતા. આંક–૧૪ થી આંક–૨૦ સુધીના દસ્તાવેજોની વિગત જે તે તેમની સરતપાસમાં જણાવેલી છે તે વિગતો તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં વિગતવાર રીતે જણાવેલ નથી. વધુમાં સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, આંક–૧૪ થી આંક–૨૦ સુધીના દસ્તાવેજોમાં છેકછાક છે તેમજ અક્ષરો ઘુંટેલા છે તેવી હકીકત તેઓ પ્રથમ વખત કોર્ટમા જણાવે છે તેમણે તેમના નિવેદનમાં આવી હકીકત લખાવેલ નથી. તેમણે આ દસ્તાવેજો બાબતે જે ચેકલીસ્ટમાં નોંધ કરેલ તે ચેક લીસ્ટ હાલના કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ આ આધાર તેમની કચેરી પાસે માંગેલા પરંતુ તેમની કચેરી તરફથી આ આધાર મળી આવેલ નહી જેથી તેમણે રજુ કરેલ નથી. વધુમાં સાહેદ એ વાત પણ સ્વીકારે છે કે, કોઈ પણ વ્યકિત સરકારી કચેરીમાં કોઈ અરજી કરે તો તે અરજીને ઈન્વર્ડ નંબર આપવામા આવે. તેમને આંક–૧૪ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે, આ દસ્તાવેજ પર તેમની કચેરીનો કોઈ ઈન્વર્ડ નંબર નોંધવામા આવેલ નથી. તેમને આંક–૧૪ બતાવતા તે જોઈને કહે છે કે, આ દસ્તાવેજમા કોઈની સહી કરેલ નથી. વધુમા સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમની કચેરીમાં કોઈ પણ પત્ર વ્યવહારના આવક જાવકનું રજીસ્ટર નિભાવવામા આવે છે. પત્ર વ્યવહારના રજીસ્ટરમાં તે પત્ર કેવા માધ્યમથી આવેલો છે તેનો પણ ઉલ્લેખ કરવામા આવે છે. આંક–૧૪ વાળી અરજીમાં આ અરજી કેવા માધ્યમથી આવેલ તે અંગેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. આંક–૧૪ વાળી અરજીમાં બિડાણની નકલોમાં લિવીંગ સર્ટીફીકેટ, માર્કશીટ અને જાતિનો દાખલો એટલો ઉલ્લેખ કરેલ છે.

બીજા દસ્તાવેજોનો ઉલ્લેખ કરેલો નથી. વધુમા સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, પસંદગી સમિતીની કામગીરી અંગે તેમને કોઈ અંગત જાત માહીતી નથી. આ કામે જે ભરતી કરવામા આવેલ તે અંદાજીત ૧૯૯૨ ની સાલની ભરતી હતી.

**(૧૦.૦)** સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૫૧ થી સાહેદ રાજેશભાઈ પ્રહલાદભાઈ દેસાઈ નાઓને તપાસવામા આવેલા છે તેઓ તેમની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, ૧૯૯૬ ની સાલમાં તેઓ શાસનાધિકારી કચેરી, નવાપરા, ભાવનગર ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર ખાતે સ્કુલ સુપરવાઈઝર તરીકે (શાળા નિરીક્ષક) તરીકે ફરજ બજાવતા હતા અને તેમની ફરજમાં શાળાઓની મુલાકાત લેવાની તથા શિક્ષકોની વ્યવસ્થા તથા ઓબ્ઝર્વેશન કરવાની મુખ્ય કામગીરી હતી. બનાવ સમયે તેમને તેમના શાસનાધિકારી સાહેબ તરફથી લેખિત સુચના આપવામા આવેલ હતી કે, આ કામના આરોપી કે જેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમીતીમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને તેઓનું નામ સવજીભાઈ ખાતરાજી ડામોર નોકરી કરતા અને તેમને નોકરી સમયે અરજી સાથે જોડેલ એસ.એસ.સી. પરીક્ષાની માર્કશીટ તથા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ જે રજુ કરેલ તેની ખરાઈ કરવા માટે તેમને આદેશ કરવામા આવેલ. સાહેદ વધુમાં જણાવેલ છે કે, તેમને આદેશ થતા તેઓ વડોદરા ખાતે એસ.એસ.સી. બોર્ડની કચેરી ખાતે તપાસ કરવા માટે ગયેલા અને ત્યાં રેકર્ડની તપાસ કરી હતી. આરોપી ધ્વારા જે અરજી ફોર્મ સાથે માર્કશીટ રજુ કરવામા આવેલી તે માર્કશીટમાં દર્શાવવામા આવેલા માર્કસ કરતા જુદા માર્કસ વડોદરાની કચેરીના રેકર્ડમાં જણાયેલ અને પરીક્ષાર્થીનું નામ પણ તેમા અલગ જણાઈ આવેલ હતુ. તેમણે એસ.એસ.સી. બોર્ડની કચેરી, વડોદરાના રેકર્ડની ચકાસણી કરી તે અંગેની નોંધ કરેલ અને તેનો વિગતવારનો રીપોર્ટ તેમની કચેરીને સોંપેલો. જે અસલ રીપોર્ટ આ કામે આંક–૩૪ થી રજુ થયેલ છે જેમા

તેમની સહી ઓળખી બતાવેલ છે. આ રીપોર્ટમાં લખેલી હકીકતો તેમણે જોઈ તપાસીને લખેલી છે જે સાચી અને ખરી છે. આરોપીએ નોકરી મેળવવાની અરજી સાથે જે માર્કશીટ રજુ કરેલ. તે માર્કશીટમાં માર્કના જે અક્ષરો છે તે ઘુંટેલા હતા અને મુળ વિદ્યાર્થીનું નામ પણ અલગ હતુ. મુળ વિદ્યાર્થીનું નામ તેમણે તેમના રીપોર્ટમા લખેલુ. જે વિદ્યાર્થીની અટક સોલંકી હોવાનું તેમને યાદ છે પરંતુ આટલો લાં બો સમય થવાથી ચોકકસ નામ તેમને યાદ નથી. સાહેદ વધુમાં જણાવેલ છે કે, તેમણે એસ.એસ.સી. બોર્ડની કચેરી વડોદરા ખાતે જે માર્કશીટની ચકાસણી કરેલ તે માર્કશીટમાં વિદ્યાર્થીનું નામ જે સોલંકીભાઈનું જણાવેલ તે વિદ્યાર્થીને કુલ ગુણમાથી ૨૯૫ ગુણ મળેલા અને તે નાપાસ જાહેર થયેલ જયારે આરોપીએ જે અરજી સાથે માર્કશીટ રજુ કરેલ. તેમા તેને વધારે ગુણ મળેલા અને તેને પાસ જાહેર કરવામા આવેલો તેવુ જણાઈ આવેલ. તેમણે તેમનો જે રીપોર્ટ શાસનાધિકારીની કચેરીમાં રજુ કરેલો ત્યારબાદ કચેરી ઘ્વારા આરોપી સામે પોલીસ ફરીયાદ કરવામા આવેલી તેવુ તેમને જાણવા મળેલુ અને પોલીસે આ બાબતે તેમની પુછપરછ કરેલી. તેઓ આરોપીને ઓળખી શકે.

સદરહુ સાહેદની બચાવ પક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રી ઘ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને આ કામે કચેરી તરફથી તપાસ કરવાનો જે લેખિત હુકમ આપેલ. તે આજરોજ તેમની સાથે લાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ કચેરી પાસેથી આ હુકમની માંગણી કરેલ પરંતુ કચેરી ઘ્વારા રેકર્ડ હાલમાં ઉપલબ્ધ ન હોય તેવા જવાબ સાથે લેખિત હુકમ આપેલ નથી. વધુમાં સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, વડોદરા ખાતે એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં તપાસ કરવા તેઓ જવાના છે. તે બાબતે તે કચેરીને તેમણે લેખિતમાં કોઈ જાણ કરેલી નથી. તેમની કચેરીમાં ફરજ

રજીસ્ટર નામનું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી. વધુમા સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, કાયદેસરની ફરજ નિભાવવા માટે જવાનું હોય તો સરકારના ખર્ચે જવાનું થાય છે. તેમણે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં જે તપાસ કરેલી. તે તપાસના કામે કોઈ અસલ રેકર્ડ કબ્જે કરેલ નહી. તેમણે તેમની તપાસના કામે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાથી કોઈના નિવેદનો લીધેલા નથી. મહેશભાઈ સોલંકી પાસેથી કોઈ માર્કશીટ મેળવી તેમણે આરોપીની માર્કશીટ સાથે સરખાવેલ નથી. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની પણ તેમણે અસલ સાથે ખરાઈ કરેલ નથી. વધુમાં સાહેદ એ વાત પણ સ્વીકારેલ છે કે, રજુ થયેલ દસ્તાવેજ સાથે અસલ દસ્તાવેજને સરખાવમાં ન આવે ત્યાં સુધી કયો દસ્તાવેજ સાચો છે અને કયો દસ્તાવેજ ખોટો છે તેવુ કહી શકાય નહી. વધુમાં તેઓ એ વાત પણ સ્વીકારેલ છે કે, તેઓ તપાસના કામે કયા કયા દિવસે કયા કયા ગયેલા તેવુ તેમણે તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. આંક–૩૪ સિવાયનો બીજો કોઈ રીપોર્ટ તેમણે કોઈ કરેલો નથી.

**(૧૧.૦)** સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૫૯થી સાહેદ ડામોર કાંતીભાઈ ખત્રાજી નાઓને તપાસવામા આવેલા છે. તેઓ તેમની અદાલત રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, તેઓ કુલ–૫ ભાઈઓ છે. તેમા સૌથી મોટા હાલના આરોપી સવજીભાઈ છે અને તેઓ તેમનાથી ત્રીજા નંબરના ભાઈ છે. તેઓ સર્વોદય વિનય મંદીર શાળાજી ખાતે ધોરણ–૧૨ સુધી ભણેલા છે. તે સમયે આચાર્ય બચુભાઈ ખરાડી હતા. દાદુભાઈએ તેમના ભાઈ થાય છે અને તેઓ હાલ ખેતીકામ કરે છે અને તેઓ અગાઉ કયાં હતા તેની તેમને ખબર નથી. બનાવ સમયે તેઓ નાના હતા એટલે તેમના ભાઈ દાદુભાઈ શું કરતા હતા તેની તેમને ખબર નથી. સવજીભાઈ પણ ખેતીનો ધંધો કરે છે અને રમેશભાઈ કંપનીનો

ધંધો કરે છે. તેમને ત્રણ બહેનો છે અને મંજુલાબેન બનાવ સમયે કયાં રહેતા હતા તેની તેમને ખબર નથી. વધુમાં સાહેદ એવી હકીકત પણ જણાવેલ છે કે, તેમને અને દાદુભાઈને ૩૫ થી ૪૦ વર્ષનો ઉંમરનો તફાવત છે, દાદુભાઈ કયાં ભણેલા તેની તેમને ખબર નથી, તેમના પિતાજી ઓડ ગામમા રહેતા હતા અને તેમને તેમના ગામથી આ સર્વોદય વિદ્યામંદીર પાંચેક કીલોમીટર દુર થાય છે. બનાવ વખતે તેમના ગામમા કોઈ સ્કુલ નહી. જેથી તેઓ તથા તેમના ભાઈઓ શામળાજી ખાતે સર્વોદય વિદ્યામંદીરમાં ભણવા માટે જતા હતા, મગનભાઈ કયાં ભણેલા તેની પણ તેમને ખબર નથી, મગનભાઈ હાલ ખેતીકામ કરે છે, પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ નહી. આરોપીને ઓળખે છે. આમ, સદરહુ સાહેદ તેમના નિવેદનની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલા છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બચાવ પક્ષ તરફે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓ હોસ્ટેલમાં ભણતા હતા. તેઓ હોસ્ટેલમાં ભણતા હોવાથી તેમને બનાવ અંગે જાણ નથી.

**(૧૨.૦)** આમ, ફરીયાદપક્ષે રજુ કરેલો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામે મુળ ફરીયાદી આંક–૧૩ થી નટવરલાલ કુલશંકર ત્રિવેદી કે જેઓ પોતે શાસનાકિારી, ન.પ્રા.શિ. સમિતિ, ભાવનગર ધ્વારા તેમના હોદ્દાની રૂઈએ ગઈ તા.૧૫/૧૦/૧૯૯૬ના રોજ શાસનાધિકારી કચેરી તરફથી એ.આ.નં.૨૬૧ ના કામે એ. ડીવીઝન પોલીસ સ્ટેશનને સંબોધીને એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, આ સમિતિની પ્રાથમિક શાળા નં.૨/૧ (કવિકાંત રોડ, રાણીકા, ભાવનગર) માં

મદદનિશ શિક્ષક તરીકે હાલ ફરજ બજાવતાશ્રી સવજીભાઈ ખાતરાજી ડામોરે અત્રેની નોકરી મેળવતી વેળા તેમની લાયકાત અંગેના કેટલાક વાંધાઓ સુધારો કરી અને તે રીતે આ ખાતા સાથે છેતરપીંડી કરી ગુન્હો આચર્યાનું જણાય છે. જે અંગેના પ્રાથમિક તપાસમાં જણાયેલ અને ખાતા સાથે બનાવટ કર્યાના સાધનિક કાગળો (૧) નોકરી મેળવવા અંગેની મજકુરની અરજી અને તે સાથે લાયકાત વિગેરેના જોડાણો પાના નં.૧ થી ૫, (૨) નોકરીમાં હાજર થતી વેળા મજકુર અત્રે રજુ કરેલ અસલ આધારો પૈકી તેમની એસ.એસ.સી. માર્કશીટ અને સ્કુલ લીવીંગ સર્ટી. ની ઝેરોક્ષ નકલ તથા રૂા.૧૦/– ના સ્ટેમ્પ પેપર પર આપેલ કબુલાતનામાની ઝેરોક્ષ નકલ પાના નં.૬ થી ૮, (૩) ઉપસ્થિત પ્રશ્ને કરવામા આવેલ પ્રાથમિક તપાસનો અત્રેના સ્કુલ સુપરવાઈઝરશ્રી નો તા.૧૦/૦૮/૯૬નો રીપોર્ટ તથા તે સાથેના સાધનિક જોડાણો પાના નં.૯ થી ૧૬, જે બાબતની પ્રાથમિક તપાસમા ખાતા સાથે બનાવટ કર્યાનું જણાતુ હોય, (૧) કર્મચારી મજકુરે વાસ્તવીક રીતે આપેલ એસ.એસ.સી. પરીક્ષાના ગુણપત્રક અને અત્રે રજુ કરાયેલ ગુણપત્રકમાં તફાવત જણાય છે, (૨) કર્મચારી મજકુરે અત્રે રજુ કરેલ એસ.એસ.સી. ગુણપત્રક બેઠક નં.૬૨૭૦૭ અને માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરાના દફતરમાં વિગતો અલગ અલગ માલુમ પડે છે, (૩) કર્મચારી મજકુરે તેમની મુળ અરજી સાથેના જોડાણ સ્કુલ લીવીંગ સર્ટી. ની પ્રમાણીત નકલ અને અત્રે રજુ કરેલ અસલ સ્કુલ લીવીંગ સર્ટી.ની વિગતોમાં એકસુત્રતા જળવાતી નથી. આમ, ઉપરોકત સમગ્ર બાબત પ્રાથમિક તબકકે જોતાં શ્રી સવજીભાઈ ખાતરાજી ડામોર મદદનિશ શિક્ષક, શાળા નં.૨/૧ (કવિકાંત રોડ, રાણીકા, ભાવનગર) એ આ ખાતા સાથે બનાવટ/ છેતરપીંડી કરી ગુન્હો આચર્યાનું જણાય છે. જેની યોગ્ય તપાસ કરી કાયદેસર પગલા ભરવા વિનંતી સાથેની અરજી વાળી ફરીયાદ હકીકતો સાથે ફરીયાદ પક્ષ અત્રે ફરીયાદ

લઈને આવેલ છે ત્યારે તેઓની ફરીયાદ હકીકતો તેઓએ શંકાથી પર સાબીત કરવી જોઈએ. જે સંદર્ભે ફરીયાદપક્ષ તરફે આ કામે મુળ ફરીયાદી ધ્વારા આંક–૧૩ થી તેમની જુબાનીમા તેમણે આંક–૧૪ થી આંક–૩૮ સુધીના દસ્તાવેજોની વિસ્તૃત છણાવટ કરી તેમની જુબાનીમાં આંક–૩૯ વાળી ફરીયાદ રજુ કરેલ છે. વધુમાં ફરીયાદી તેમની સરતપાસમા એવી હકીકત પણ જણાવેલ છે કે, **તેમની ફરીયાદ આપ્યા બાદ પોલીસે તા.૧૮/૧૧/૧૯૯૬ના રોજ વિશેષ નિવેદન લીધેલ અને બીજુ વિશેષ નિવેદન તા.૨૧/૦૧/૧૯૯૭ના રોજ લીધેલ.** તેમના વિશેષ નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે, તેમણે જે ફરીયાદ નોંધાવેલ. તે ડામોર સવજીભાઈ ખાતરાજીની સામે નોંધાવેલ પરંતુ નોકરીમાં તેમના ભાઈ દુદાભાઈ ખાતરાજી ડામોર નોકરી કરતા હતા અને તે સમયે દુદાભાઈ જેલમાં હતા. સદરહુ ફરીયાદીની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ કામે નોકરી માટે જે અરજી કરવામા આવેલી તે અરજીમાં કોઈ પણ વ્યકિતની સહી ન હતી. **આંક–૧૪ વાળી જે અરજી છે તે અરજીમાં તેમની કચેરીનો કોઈ ઈન્વર્ડ નંબર પાડવામા આવેલ નથી.** આંક–૧૪ વાળી જે અરજી છે **તેમાં જે વ્યકિતનો ફોટો છે તે ફોટો પણ કોઈએ ઓળખી બતાવેલ નથી. આંક–૧૪ વાળી અરજી તેમની કચેરીમાં કેવી રીતે આવેલ એટલે કે, રૂબરૂ આપવામા આવેલી કે રજીસ્ટર્ડ ધ્વારા આવેલી તેઓ પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી.** આ અરજી તેમની કચેરીમાં આવી તે વખતે તેઓ ભાવનગર ખાતે શાસનાધિકારી તરીકે ફરજ બજાવતા ન હતા. તેમણે હાલની જે ફરીયાદ કરેલ છે તે તેમની કચેરી ખાતે જે ઈન્કવાયરી કરવામા આવેલ તે ઈન્કવાયરી રીપોર્ટના આધારે કરેલ છે. કોઈ પણ સરકારી કચેરીમાં કોઈ ઈન્કવાયરી થાય તો તેના માટે તેનો આવક જાવક નંબર પાડવામા આવે છે. ત્યારબાદ બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છે કે, **આંક–૩૪ વાળા ઈન્કવાયરી**

**રીપોર્ટમાં આપની કચેરીનો કોઈ આવક જાવક નંબર લખેલ નથી અને માત્ર સાલ લખેલી છે ? તેના જવાબમા ફરીયાદી જણાવે છે કે, કચેરીની આં તરીક પત્ર વ્યવહારની બાબતોમાં આવક જાવક નંબરની જરૂરીયાત નથી.** રીપોર્ટ આપનાર કર્મચારી ધ્વારા કચેરીને જે નોંધ પ્રાપ્ત થાય તેના પર તેમની નોંધ કરવામા આવે છે. વધુમા તેઓ એ વાત પણ સ્વીકારેલ છે કે, તેમની કચેરીમાંથી નોકરી અંગે કોઈ જાહેરાત બહાર પાડવામા આવેલ હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. ૧૯૯૭ ની સાલમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા બિન તાલીમી શિક્ષકોને પણ નોકરી આપવામા આવેલ. સરકારી કર્મચારી સામે ફરીયાદ દાખલ કરવાની હોય તો વડી કચેરીની મંજુરી લેવાની હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, **આ કામે તેઓએ મંજુરી માંગેલ અને મંજુરી મળેલી પણ છે. વધુમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમણે આ ફરીયાદ દાખલ કરવાની મંજુરી મળેલ હોય તેવો કોઈ આધાર તેમણે ફરીયાદ સાથે રજુ રાખેલ નથી.** વધુમાં બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છેકે, જયાં સુધી કોઈ અસલ દસ્તાવેજ ને તેના બનાવટી દસ્તાવેજ સાથે સરખામણી કરવામા ન આવે ત્યાં સુધી તે દસ્તાવેજ ખોટો છે કે સાચો તે કહી શકાય નહી ? તેના જવાબમાં ફરીયાદી એવી હકીકત જણાવેલ છે કે, આ કામે જે દસ્તાવેજો રજુ કરવામા આવેલા તે દસ્તાવેજો જ શંકાસ્પદ જણાયેલા અને તેની સરખામણી પણ કરવામા આવેલ અને માધ્યમીક શિક્ષણ બોર્ડના આધારો પણ સરખામણી કરવામા આવેલા. **વધુમાં ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, ઈન્ટરવ્યુ કમિટીની હકીકત વિશે તેમને કોઈ અંગત જાત માહીતી નથી.** ઈન્ટરવ્યુ કમીટી ધ્વારા ફાઈનલ પસંદગી કરવામા આવેલ લિસ્ટ શાસનાધિકારી કચેરીને મોકલવામા આવે છે. **ઈન્ટરવ્યુ કમીટીએ પસંદ કરેલા વિદ્યાર્થીનું લીસ્ટ આ કામે રજુ કરેલ નથી.** પસંદગી પામેલ ઉમેદવારોને નોકરીની

નિમણુંક આપતા પહેલા ગાંધીનગર તેમજ વડોદરા ખાતે રૂબરૂ જઈ અસલ સર્ટીફીકેટોની ખરાઈ અને ચકાસણી કરવી તેવુ જણાવવામાં આવેલ. આ કામે આરોપીના સર્ટીફીકેટોની ચકાસણી કરવી તેવુ જણાવવામા આવેલ. **આ કામે આરોપીના સર્ટીફીકેટોની ચકાસણી કરવામા આવેલ હોય તેવા કોઈ આધારો તેમણે ફરીયાદ સાથે રજુ કરેલા નથી.** સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓ તે વખતે શાસનાધિકારી તરીકે ફરજ બજાવતા ન હોય તે અંગે જાત માહીતી નથી. વધુમા તેઓ એ વાત સ્વીકારેલ છે કે, તેમની કચેરીના દસ્તાવેજોની તેમને અંગત જાત માહીતી છે. ઉમેદવારની પસંદગી થયા બાદ ડોકયુમેન્ટ વેરીફીકેશન તેમની કચેરી ઘ્વારા કરવામા આવતુ હોય છે. **આ ડોકયુમેન્ટ વેરીફીકેશન કયા અધિકારી ઘ્વારા કરવામા આવેલ તે તેઓ કહી શકે નહી.** આરોપીને નોકરી અગાઉ કરવામા આવેલ મેડીકલ ટેસ્ટના પુરાવા આ કામે રજુ રાખેલ નથી. તેમને આ કામે કેસ સંબંધે પોલીસ સ્ટેશનમાં એક વખત જવાનો પ્રસંગ બનેલો. **આ ફરીયાદ કરી તે અગાઉ રજુ થયેલા દસ્તાવેજ તેમની કચેરીમાં થી કોઈ તે અસલ સાથે સરખાવેલા હોય તે અંગે તેમને કોઈ જાત માહીતી નથી.** રજુ થયેલા દસ્તાવેજો અલગ અલગ કચેરીના છે. વધુમાં બચાવ પક્ષ તરફે એવો પ્રશ્ન પુછેલ છે કે, તમારી રૂબરૂમાં આ કામના આરોપીએ કોઈ નોકરી કરેલ નથી ? તેના જવાબમાં ફરીયાદી એવી હકીકત જણાવેલ છે કે, તેમની હાજરીમાં સવજીભાઈ ખાતરાજી ડામોરના નામે તેમના ભાઈ દાદુભાઈ ખાતરાજી ડામોર નોકરી કરતા હતા. વધુમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, **તેમણે ફરીયાદ આપી ત્યા સુધી સવજીભાઈ ખાતરાજીના નામે દાદુભાઈ ખાતરાજી નોકરી કરતા હતા તે હકીકત તેઓ જાણતા ન હતા.** સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યારબાદ વધુ તપાસમાં આ વિગત ખુલવા પામેલ. વધુમાં ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, **પોલીસે તેમની પાસે કોઈ**

**ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી.** ત્યારબાદ અન્ય તમામ હકીકતોનો ઈન્કારીયતમા જવાબ આપેલ છે.

**(૧૩.૦)** આમ, ફરીયાદીની ફરીયાદ તથા જુબાનીનું સંપુર્ણ વિશ્લેષણ કરવામા આવે તો આ કામે ફરીયાદીએ આંક–૩૯ વાળી ફરીયાદ દાખલ કરી જેમાં સાધનીક કાગળોના ક્રમ નં.૧ થી ૩ માં જણાવેલા નં.૧ થી ૧૬ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. તેમજ **પ્રાથમિક તપાસના અંતે ફરીયાદીને તેઓના નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સાથે આ કામના આરોપીએ બનાવટ કરી કર્મચારી મજકુરે વાસ્તવીક રીતે આપેલ એસ.એસ.સી.ની પરીક્ષાના ગુણપત્રક અને અત્રે રજુ કરાયેલ ગુણપત્રકમાં તફાવત જણાયેલ છે** તેમજ કર્મચારી મજકુરે અત્રે રજુ કરેલ એસ.એસ.સી. ગુણપત્રક બેઠક નં.૬૨૭૦૭ અને માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરાના દફતરમાં વિગતો અલગ અલગ માલુમ પડે છે તેમજ કર્મચારી મજકુરે તેમની મુળ અરજી સાથેના જોડાણ સ્કુલ લીવીંગ સર્ટી. ની પ્રમાણીત નકલ અને અત્રે રજુ કરેલ અસલ સ્કુલ લીવીંગ સર્ટી. ની વિગતોમા એકસુત્રતા જળવાતી નથી જેથી તેઓ દ્વારા આ સંદર્ભેની પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામા આવેલ છે.

**(૧૪.૦)** સૌ પ્રથમ ફરીયાદપક્ષનો કેસ જોવામા આવે તો આ કામના આરોપી દાદુ ખાતરાજી ડામોર હોવા છતાં પોતાના ભાઈ સવજીભાઈ ખાતરાજીનું ખોટુ નામ ધારણ કર્યુ તેમજ સવજી ખાતરાજીના એસ.એસ.સી. તથા શાળા છોડયાના બનાવટી પ્રમાણપત્રો ઉભા કરી ખોટી માહીતી પુરી પાડી સવજીભાઈના નામે નોકરી મેળવી પોતાનું અસલ નામ છુપાવી સરકારશ્રી સાથે ઠગાઈ અને છેતરપીંડી કરેલ છે.

સદર કામે કાયદાની જોગવાઈ મુજબ રેકર્ડ પરનો પુરાવો તપાસવામા આવે તો પ્રોસીકયુશનના કેસ મુજબ આરોપી દાદુભાઈ ખાતરાજીએ પોતાના

ભાઈ સવજીભાઈ ખાતરાજીનું નામ ધારણ કર્યુ તે અંગે પ્રોસીકયુશન તરફથી આંક–૧૪ થી ફોટાવાળી અરજી રજુ કરેલ છે પરંતુ તે અરજીની હકીકત સંદર્ભે મહત્વના સાક્ષી સવજીભાઈ ખાતરાજી છે તે વ્યકિતનું આ કામે કોઈ નિવેદન લેવામા આવેલ નથી કે આ કામે તેનું કોઈ ઈન્વેસ્ટીગેશન થયેલ નથી. જયાં સુધી આ કામે મહત્વના સાહેદ સવજીભાઈને તપાસવામા ન આવે ત્યાં સુધી ખરેખર આરોપીએ પોતાના ભાઈ સવજીભાઈના નામનો તેમની જાણ બહાર તેમના કાનૂની હકકને નુકશાન થાય તેવા જ્ઞાન અને ઈરાદા સાથે તે દસ્તાવેજ ખોટો અને બનાવટી હોવાનું જાણતા હોવા છતાં સાચા તરીકે અયોગ્ય લાભ મેળવેલ છે તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. આ કામે આંક–૧૪ થી જે અરજી રજુ કરવામા આવેલ છે તેમા કોઈ સહી કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થતી નથી.

હવે આ સંદર્ભે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૪ થી અરજદારની અરજી જેમાં અરજદારનો ફોટો છે અને અરજદારનું નામ શૈક્ષણીક વિગતો વિગેરે હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે એવો પણ કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી કે જેથી કરીને અત્રેની કોર્ટને એવુ માનવાને કારણ રહે કે, આ કામે આંક–૧૪ વાળા અરજીપત્રકમાં જે ફોટો છે તે આરોપી એટલે કે ડામોર દાદુ ખાતરાજીનો છે અને તે ફોટા સિવાયની અરજીમા દર્શાવેલ તમામ વિગત સવજીભાઈ ખાતરાજી ડામોરની છે અને રજુ કરવામા આવેલ તમામ ડોકયુમેન્ટસ જેવા કે માર્કશીટસ, લીવીંગ સર્ટીફીકેટ, જાતીનો દાખલો વિગેરે તમામ રેકર્ડ સવજીભાઈ ખાતરાજી ડામોરનું છે. ફરીયાદપક્ષ ધ્વારા આ ફોટો સવજીભાઈનો નથી પરંતુ આ ડોકયુમેન્ટસ બધા સવજીભાઈના છે તેવી પણ કોઈ હકીકત અદાલત સમક્ષ પ્રોસીકયુશન ધ્વારા પુરવાર કરવા પ્રયત્નો કરેલા નથી કે ફરીયાદપક્ષ તરફે કોઈ ઓળખ પરેડ પણ કરાવવામા આવેલ નથી કે જેથી કરીને અત્રેની અદાલતને એવુ

માનવાને કારણ રહે કે, ખરેખર ફોટો વાળા વ્યકિત ડામોર દાદુ ખાતરાજી છે અને ડોકયુમેન્ટસ બધા સવજીભાઈ ખાતરાજી ડામોરના નામે છે.

**(૧૫.૦)** વધુમાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા એવો આક્ષેપ કરવામા આવેલ છે કે, એસ.એસ.સી.ના ગુણપત્રકોમા તફાવત જણાય છે જેમાં ચેડા કરવામા આવેલ છે તેવુ પ્રાથમિક તપાસમાં ખુલવા પામેલ છે. તે સંદર્ભે ફરીયાદપક્ષ તરફે આ કામે મહત્વના ગણાય તેવા સાહેદ રાજેશભાઈ પ્રહલાદભાઈ દેસાઈને તપાસેલ છે. તેઓને શાળા ધ્વારા માર્કશીટ અને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરાઈ કરવાની કામગીરી સોંપવામા આવેલ. જેઓના જણાવ્યા મુજબ જે માર્કશીટ રજુ કરવામા આવેલ તે માર્કશીટમાં દર્શાવવામા આવેલા માર્કસ કરતા જુદા માર્કસ વડોદરાની કચેરીના રેકર્ડમાં જણાયેલ અને પરીક્ષાર્થીનું નામ અલગ જણાઈ આવેલ. તેઓએ ચકાસણી રીપોર્ટ રજુ કરી શાળાને આપેલ જે રીપોર્ટ આંક–૩૪ થી રજુ કરેલ છે.

**હવે આંક–૩૪ નો રીપોર્ટ જોવામા આવે તો બેઠક નં.એસ.૩૯૧૨૨, માર્ચ–૧૯૯૧ માં મેળવેલ ગુણ ૭૦૦ માથી ૩૫૧ એટલે કે ૫૦% ગુણ છે જયારે એસ.એસ.સી. ગુણપત્રક જે હાલ નોકરી મેળવવા માટે રજુ કરેલ છે. જેમા કુલ ગુણ ૭૦૦ માથી ૫૦૫ ગુણ દર્શાવેલ છે. જયારે મજકુરે ગુણપત્રક બેઠક નં. ડી.૬૨૭૦૭ ની રજુ કરેલ છે. જેમા નામ સોલંકી ચેહરભાઈ સવજીભાઈ લખેલ છે.**

હવે આ સંદર્ભે તેમની ઉલટતપાસ જોવામા આવે તો, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને આ કામે કચેરી તરફથી તપાસ કરવાનો જે લેખિત હુકમ આપેલ. તે આજરોજ તેમની સાથે લાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ કચેરી પાસેથી આ હુકમની માંગણી કરેલ પરંતુ કચેરી ધ્વારા રેકર્ડ હાલમાં ઉપલબ્ધ ન હોય તેવા જવાબ સાથે લેખિત હુકમ આપેલ નથી. વધુમાં સાહેદ

એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, **વડોદરા ખાતે એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં તપાસ કરવા તેઓ જવાના છે. તે બાબતે તે કચેરીને તેમણે લેખિતમાં કોઈ જાણ કરેલી નથી. તેમની કચેરીમાં ફરજ રજીસ્ટર નામનું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી.** વધુમા સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, કાયદેસરની ફરજ નિભાવવા માટે જવાનું હોય તો સરકારના ખર્ચે જવાનું થાય છે. તેમણે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં જે તપાસ કરેલી. **તે તપાસના કામે કોઈ અસલ રેકર્ડ કબ્જે કરેલ નહી. તેમણે તેમની તપાસના કામે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાથી કોઈના નિવેદનો લીધેલા નથી. મહેશભાઈ (ચેહર) સોલંકી પાસેથી કોઈ માર્કશીટ મેળવી તેમણે આરોપીની માર્કશીટ સાથે સરખાવેલ નથી. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની પણ તેમણે અસલ સાથે ખરાઈ કરેલ નથી.** વધુમાં સાહેદ એ વાત પણ સ્વીકારેલ છે કે, **રજુ થયેલ દસ્તાવેજ સાથે અસલ દસ્તાવેજને સરખાવવમાં ન આવે ત્યાં સુધી કયો દસ્તાવેજ સાચો છે અને કયો દસ્તાવેજ ખોટો છે તેવુ કહી શકાય નહી.** વધુમાં તેઓ એ વાત પણ સ્વીકારેલ છે કે, તેઓ તપાસના કામે કયા કયા દિવસે કયા કયા ગયેલા તેવુ તેમણે તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. આંક–૩૪ સિવાયનો બીજો કોઈ રીપોર્ટ તેમણે કોઈ કરેલો નથી. આમ, આંક–૩૪ નો રીપોર્ટ જોતાં શાસનાધિકારીને હાલના સાહેદ રાજેશભાઈએ કરેલ રીપોર્ટ છે. સદર રીપોર્ટનું મુલ્યાંકન કરવામા આવે તો તેઓએ કર્મચારીના એસ.એસ.સી. ગુણપત્રકની ચકાસણી કરેલ છે. જે મુજબ શીટ નં.એસ.૩૯૧૨૨ ના કુલ માર્કસ ૩૫૧ એટલે કે ૫૦% જણાય છે. જયારે હાલના કામે બેઠક નં.ડી.૬૨૭૦૭ મા દર્શાવ્યા મુજબ કુલ–૫૦૫ માર્કસ મેળવેલ છે. **તે જોતાં આ એસ.૩૯૧૨૨ ની માર્કશીટ ખરેખર કોની છે તેવી કોઈ અસલ માર્કશીટ આ કામે રજુ કરેલ નથી તેમજ એસ.એસ.સી. ના કોઈ સંબંધીત અધિકારીને આ કામે તપાસેલ નથી.** આ **ઉપરાંત તેઓએ બેઠક નં.ડી.૬૨૭૦૭ ના**

**રજુ થયેલા માર્કસ ર૯પ દર્શાવેલ છે પરંતુ આ નંબર પર અન્ય વ્યકિતનું નામ એટલે કે સોલંકી ચેહરભાઈ સવજીભાઈ લખેલ છે. આ ચેહરભાઈ સવજીભાઈ ખરેખર કોણ છે અને તેની માર્કશીટનો હાલના આરોપીએ કોઈ ઉપયોગ કરેલ છે કે કેમ? તે બાબતે કોઈ તપાસ કરેલી નથી તેમજ આ કામે મહત્વના સોલંકી ચેહરભાઈ સવજીભાઈનું પણ કોઈ નિવેદન લેવામા આવેલ નથી કે તેઓને ફરીયાદપક્ષ તરફે સાહેદ તરીકે તપાસેલ નથી.** આમ, આ કામે ડી.૬ર૭૦૭ નંબરની માર્કશીટ આરોપીએ કેવી રીતે રજુ કરી તેમજ આ ક્રમાંક નંબર કેવી રીતે મેળવ્યો, સોલંકી ચેહરભાઈ સવજીભાઈ કોણ છે, શું કરે છે ? તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.

વધુમાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા એવો આક્ષેપ કરેલ છે કે, એસ.એસ.સી.ની પરીક્ષાના ગુણપત્રકોમાં તફાવત જણાય છે અને તેની સાથે ચેડા કરેલ હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલવા પામેલ છે તો આ સંદર્ભે માર્કશીટમાં ચેડા કોણે કર્યા, કોના ધ્વારા કરવામા આવ્યા તે બાબતે ફોરેન્સીક સાયન્સનો પુરાવો આવશ્યક છે. રજુ થયેલ રેકર્ડ જોતાં આ કામે કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ થયેલ નથી. વધુમાં આ કામે માર્કશીટ સાથે ચેડાનો પ્રશ્ન છે ત્યાં સુધી જે માર્કશીટ રજુ કરવામા આવેલ છે તે અલગ છે અને ખરેખર માર્કશીટમાં જે શીટ નંબર દર્શાવેલ છે તે અલગ છે તે સંદર્ભે ફરીયાદપક્ષ ધ્વારા ડામોર સવજીભાઈ ખાતરાજી અને ડામોર દાદુ ખાતરાજીની પરીક્ષાની એસ.એસ.સી.ની અલગ-અલગ માર્કશીટ રજુ કરવામા આવેલ નથી કે જેથી કરીને અત્રેની અદાલતને એવુ માનવાને કારણ રહે કે, ખરેખર આ કામના આરોપી ધ્વારા તેમની આ માર્કશીટમા ચેડા થયેલ છે અને તેના સ્થાને આ માર્કશીટ રજુ કરેલ છેફ સદર કામે એસ.એસ.સી. બોર્ડની માર્કશીટ પ્રશ્ન છે. તે સંદર્ભે ફરીયાદપક્ષના કથન મુજબ સાહેદ ધ્વારા વડોદરા ખાને જઈ રૂબરૂ તપાસ કરી રીપોર્ટ

કરેલાનું જણાવે છે પરંતુ વડોદરા ખાતે એસ.એસ.સી. બોર્ડના અધિકારીઓના આ સંદર્ભે કોઈ નિવેદન લેવામા આવેલ નથી કે તેવા અધિકારીઓને ફરીયાદપક્ષે તપાસવામા આવેલ નથી. તેઓ પાસેથી અસલ માર્કશીટ કબ્જે કરેલ નથી. જેથી અત્રેની કોર્ટને એવુ માનવાને કારણ રહે કે રજુ થયેલ માર્કશીટમાં ખરેખર ચેડા થયેલ છે. આમ, ફરીયાદપક્ષનું એવુ કથન કે આ કામના આરોપી દ્વારા એસ. એસ. સી. ની માર્કશીટમાં ચેડા કરવામા આવેલ છે તો તે ચેડા કઈ રીતે કેટલા માર્કસના કરવામા આવેલ છે તે સંદર્ભે ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ નથી. અત્રે ફરીયાદપક્ષ તરફે આંક–૩૪ વાળો ડોકયુમેન્ટ રજુ કરી ફરીયાદપક્ષ તરફે એવી રજુઆત કરેલ છે કે, બેઠક નં.એસ.૩૯૧૨૨, માર્ચ–૧૯૯૧ માં સવજીભાઈ ખાતરાજી ડામોરના ખરેખર માર્કસ કુલ ટોટલ ૭૦૦ માથી ૩૫૧ આવેલ હતા. જયારે તેઓ દ્વારા અત્રેની કચેરીમાં નોકરી મેળવવા માટે જે માર્કશીટ રજુ કરેલ તે બેઠક નં.ડી.૬૨૭૦૭ (સેન્ટર–૩૪૮) માર્ચ–૧૯૮૮ કુલ ૭૦૦ માથી ૫૦૫ વાળી રજુ કરેલ છે જયારે ફરીયાદપક્ષ તરફેના તપાસવામા આવેલા સાહેદ દ્વારા ગુણપત્રકની ચકાસણી માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરાના દફતરે કરતા બેઠક નં. ડી. ૬૨૭૦૭ નંબરની માર્ચ–૧૯૮૮, વોલ્યુમ નં.૨૮૩૩, નામ : SOLANKI CHEHRABHAI SAVAJIBHAI નાઓની હોવાનું ખુલવા પામેલ છે. હવે આ તબકકે ફરીયાદવાળો બનાવ બનેલ હોવાનું જો માની પણ લેવામા આવે તો આ કામે ઉપરોકત માર્કશીટ બેઠક નં.ડી.૬૨૭૦૭ વાળા ઉમેદવાર કે જેઓની માર્કશીટનો ખોટો ઉપયોગ કરી આ કામે આરોપી દ્વારા તેઓની માર્કશીટમા ચેડા કરી પોતાની માર્કશીટ બતાવી નોકરી મેળવેલ છે તેવા અગત્યના સાહેદને આ કામે તપાસેલ નથી. વળી આ ત્રણેય માર્કશીટ તેઓ દ્વારા રજુ કરી કમ્પેર કરી પુરવાર કરવાના કોઈ પ્રયત્નો પણ ફરીયાદપક્ષ દ્વારા કરવામા આવેલા નથી.

**(૧૬.૦)** અત્રે એ હકીકત નોંધનીય છે કે, આ કામના આરોપી ધ્વારા ખોટુ નામ ધારણ કરી નોકરી મેળવવા અંગેની હકીકતો વાળી ફરીયાદ સાથે જયારે ફરીયાદપક્ષ અત્રેની અદાલત સમક્ષ આવેલ હોય ત્યારે તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહેલી છે. અત્રે એ હકીકત એક તબકકે માની લેવામા આવે કે આ કામના આરોપી ધ્વારા તેમના ભાઈની જગ્યાએ નોકરી મેળવી નોકરી કરતા હતા તો આ કામે તેઓ જે જગ્યાએ નોકરી કરતા હતા ત્યાં કામ કરતા કોઈ સહકર્મચારીને પણ ફરીયાદપક્ષ તરફે સાહેદ તરીકે રજુ કરેલ નથી કે તેઓને ફરીયાદપક્ષ તરફે તપાસવાનો પ્રયત્ન કરેલ નથી. કારણ કે જો તેઓના સહકર્મચારીને ફરીયાદપક્ષ તરફે તપાસવામા આવેલ હોત તો એવી હકીકત તો બહાર આવેલ હોત કે આ કામના નોકરી કરતા કર્મચારી ખરેખર સવજીભાઈ ખાતરાજી ડામોર છે કે ડામોર દુદા ખાતરાજી છે. તેમજ આ કામે આંક–૧૪ વાળી અરજીમાં દર્શાવેલ ફોટા અંગે પણ ચોકકસપણે હકીકતો બહાર લાવી શકયા હોત કે ફોટાવાળી વ્યકિત દુદા ખાતરાજી છે કે સવજી ખાતરાજી છે. જેથી કરીને અત્રેની અદાલતને એવુ માનવાને કારણ રહે કે, આ કામના આરોપી કે જેઓ ડામોર દુદા ખાતરાજી હોય અને તેઓ ધ્વારા સવજીભાઈ ખાતરાજી ડામોરનું ખોટુ નામ ધારણ કરી મદદનિશ શિક્ષક તરીકે નોકરી કરી રહેલ હતા. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ કરવામા અરજીમાં દર્શાવેલ ફોટો પુરવાર કરવા કોઈ પ્રયત્ન કરવામા આવેલ નથી જેથી ફરીયાદ હકીકતો બાબતે શંકા ઉપસ્થિત થાય છે.

વધુમાં આ કામે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતાં પણ ફરીયાદી એ વાત સ્વીકારેલ છે કે, આંક–૧૪ વાળી અરજીમાં જે ફોટો રજુ કરેલ છે તે ફોટો કોઈએ ઓળખી બતાવેલ નથી.

વધુમાં આ કામે અત્રે એ હકીકત નોંધનીય છે કે, ફરીયાદપક્ષની

કચેરીમાં નોકરી અંગે કોઈ જાહેરાત બહાર પાડવામા આવેલ હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી તેમજ ૧૯૯૭ ની સાલમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા બિનતાલીમી શિક્ષકોને પણ નોકરી આપવામા આવેલ. તેમજ ઈન્ટરવ્યુ કમિટિએ પસંદ કરેલા વિધાર્થીનું લીસ્ટ આ કામે રજુ કરેલ નથી. તેમજ ઉમેદવારની પસંદગી થયા બાદ ડોકયુમેન્ટ વેરીફીકેશન તેમની કચેરી ધ્વારા કરવામા આવતુ હોય આ ડોકયુમેન્ટ વેરીફીકેશન કયા અધિકારી ધ્વારા કરવામા આવેલ તે તેઓ કહી શકે નહી. વધુ તપાસમાં પોલીસે તેમની પાસે કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.

વધુમાં અત્રે એ હકીકત નોંધનીય છે કે**, આ કામે હાલના આરોપીને નિમણુંકપત્ર આપેલ હોય કે આરોપીએ નોકરી કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી તેમજ આ કામના આરોપીએ કોઈ પગાર મેળવેલ હોય તે અંગેનો પણ કોઈ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી** તેમજ **આરોપીને ફરજમાથી મુકત કરેલ હોય તે અંગેનો પણ કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ રાખેલ નથી.**

વધુમાં સદર કામે જે માર્કશીટો રજુ કરેલ છે તે માર્કશીટમાં નામ, ગુણ તથા બેઠક નંબર, વિગતો અલગ હસ્તાક્ષરથી લખવામા આવેલ છે તે વિગતો કોના હસ્તાક્ષરથી લખવામા આવેલ છે તે બાબતે કોઈ જ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામા આવેલ નથી કે ખરેખર તે માર્કશીટ કોના હસ્તાક્ષર ધ્વારા તૈયાર કરવામા આવેલી. તે બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમજ આ બાબતે કોઈ હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટનો કોઈ પુરાવો લીધેલ નથી કે રજુ કરેલ નથી. રજુ કરવામા આવેલ માર્કશીટ તથા પ્રમાણપત્ર ખરેખર કોના ધ્વારા તૈયાર કરવામા આવેલ અને કોના ધ્વારા રજુ કરવામાં આવેલ તે બાબતે પણ કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.

વધુમાં આરોપીએ નોકરી કરેલ હોય તો ખાતાના વડા ધ્વારા તેઓની સર્વીસ બુકની નીભાવણી કરવામા આવે પરંતુ સદર ફરીયાદપક્ષ ધ્વારા આરોપીની સર્વીસ બુક કે સર્વીસ રેકર્ડ રજુ કરવામા આવેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ શૈક્ષણીક લાયકાતના દસ્તાવેજો ખોટા છે પરંતુ તે અંગેની જાણ તેઓને કયારે, કોના મારફત તથા કયા માઘ્યમથી થઈ તે અંગેનો કોઈ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ નથી. સવજીભાઈ ખાતરાજીની સાચી માર્કશીટની અસલ કે ઝેરોક્ષ આ કામે રજુ થયેલ નથી. સદર માર્કશીટ અને પ્રમાણપત્રની ચકાસણી કોના ધ્વારા કરવામા આવી તે હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી. આ કામના આરોપીએ નોકરીમાથી પગાર મેળવેલ હોય તેનો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી. રજુ થયેલ માર્કશીટમા ખરેખર કોની સહી છે અને કોના ધ્વારા ઈસ્યુ કરવામા આવેલ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ આ માર્કશીટની ચકાસણી કરવા માટે એસ.એસ.સી. બોર્ડ માં મોકલવામા આવેલ હોય તેવો પણ કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી.

**(૧૭.૦)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે તપાસવામા આવેલા આંક-૪૩ વાળા સાહેદ કે જેઓ જે તે વખતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાસનાધિકારી કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે નોકરી કરતા હતો તેઓ ધ્વારા તેમની જુબાનીમા સરતપાસમા દસ્તાવેજો રીફર કરી રજુ થયેલ **દસ્તાવેજોમાં ઘુંટેલ હોવાનું અને છેકછાક હોવાનું લાગતા ચેકલીસ્ટ માં તેની નોંધ કરેલાનું જણાવી** તેમણે કચેરી સાથે કરેલ પત્રવ્યવહારો આંક-૪૪ થી આંક-૪૬ સુધીના રજુ કરેલ છે. સદરહુ સાહેદ તેમની સરતપાસમા વધુમાં એવી હકીકત જણાવેલ છે કે, પસંદગી સમિતિ ધ્વારા ડામોર સવજીભાઈ ખાતરાજીનો ઈન્ટરવ્યુ લેવામા આવેલો તે વખતે પસંદગી સમિતિ ધ્વારા તેઓના પ્રમાણપ્રત્રોમાં જે ઘુંટાયેલી અને છેકાયેલી જે

વિગતો છે તે બાબતે તેમની પુછપરછ કરેલી. તે વખતે ડામોર સવજીભાઈ ખાતરાજી પસંદગી સમિતિ સમક્ષ આ પ્રમાણપત્રો પાણીમાં પલળી ગયા છે જેથી તેમણે હાથે ઘુંટેલા છે તેવો ખુલાસો કરેલો. જે અંગે આંક–૩૩ વાળો પત્ર રજુ કરી સ્કુલ સુપરવાઈઝર રાજેશભાઈ પી. દેસાઈને ખરાઈ કરવા માટે ઈન્કવાયરી સોંપેલી અને તેઓ દ્વારા વડોદરા બોર્ડમાં ખરાઈ કરી પ્રમાણપત્રો ખોટા અને બોગસ હોવાનું અને કોઈક બીજાના નામના હોવાનું જણાઈ આવેલ. જે અંગે આર.પી.દેસાઈએ તેમના જે તે સમયના શાસનાધિકારીશ્રીને રીપોર્ટ કરેલ. જે આંક–૩૪ વાળો રજુ ઓળખી બતાવેલ છે તેમજ ઉપરોકત બનાવના અનુસંધાને તેમના શાસનાધિકારીશ્રીએ હાલના આરોપી સવજીભાઈ ખાતરાજી ડામોર સામે પોલીસ ફરીયાદ દાખલ કરેલી. જે સંદર્ભે પોલીસે તેમની પુછપરછ કરેલી. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. સદરહુ સાહેદની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, **આંક–૧૪ થી આંક–૨૦ વાળા દસ્તાવેજોની વિગતો તેમણે તેમની સરતપાસમાં જણાવેલી છે તે વિગતો તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં વિગતવાર રીતે જણાવેલ નથી. વળી આંક–૧૪ થી આંક–૨૦ સુધીના દસ્તાવેજોમાં છેકછાક છે તેમજ અક્ષરો ઘુંટેલા છે તેવી હકીકત તેઓ પ્રથમ વખત કોર્ટમા જણાવે છે તેમણે તેમના નિવેદનમાં આવી હકીકત લખાવેલ નથી.** વધુમાં સાહેદ એ વાત સ્વીકારે છે કે, તેમણે **આ દસ્તાવેજો બાબતે જે ચેકલીસ્ટમાં નોંધ કરેલ તે ચેકલીસ્ટ હાલના કામે રજુ રાખેલ નથી.** પસંદગી સમિતિની કામગીરી અંગે તેમને કોઈ અંગત જાત માહીતી નથી. આ કામે જે ભરતી કરવામા આવેલ તે અંદાજીત ૧૯૯૨ ની સાલની ભરતી હતી.

**(૧૮.૦)** આમ, ઉપરોકત સાહેદ સમગ્ર સરતપાસ તથા ઉલટતપાસ ધ્યાને લેતાં રજુ થયેલ દસ્તાવેજો પૈકી જે દસ્તાવેજોમાં ઘુંટેલ હોવાનું અને છેકછાક હોવાનું લાગતા

તે **દસ્તાવેજની તેમણે ચેકલીસ્ટમાં નોધ કરેલી. જે ચેકલીસ્ટ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ નથી** તેમજ આ કામે સ્કુલ સુપરવાઈઝર રાજેશભાઈ પી. દેસાઈએ વડોદરા ખાતે જઈ ઈન્કવાયરી કરતા રજુ કરવામા આવેલ પ્રમાણપત્રો બોગસ અને ખોટા હોવાનું જણાઈ આવેલ. હવે આ તબકકે આંક–૩૪ વાળો દસ્તાવેજ મહત્વનો બની રહે છે પરંતુ જે સંદર્ભે ઉપરોકત અગાઉ ચર્ચા કરી તે મુજબ આંક–૩૪ વાળો દસ્તાવેજ પુરવાર કરવા સારૂ જે ખરેખર બેઠક નંબર વાળી વ્યકિતની માર્કશીટ હતી તે વ્યકિતને આ કામે તપાસવામા આવેલા નથી કે ડામોર સવજી ખાતરાજીની ખરેખર માર્કશીટ તેમજ રજુ કરવામા આવેલ માર્કશીટ તેમજ તેમણે જે માર્કશીટ જે બેઠક ક્રમાંક વાળી રજુ કરેલ તે બેઠક નં. ડી. ૬૨૭૦૭ નંબરની માર્ચ–૧૯૮૮, વોલ્યુમ નં.૨૮૩૩, નામ : SOLANKI CHEHRABHAI SAVAJIBHAI નાઓની હોવાનું ખુલવા પામેલ હોય પરંતુ ફરીયાદપક્ષ તરફે આવી કોઈ માર્કશીટ રજુ કરવામા આવેલ નથી કે તેને આંકે પાડી દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં નોંધેલ નથી કે ઉપરોકત બેઠક નં. ડી.૬૨૭૦૭ના ખરેખર ઉમેદવાર નાઓને આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ તરીકે ચાર્જશીટમા દર્શાવેલ નથી કે તેઓને ફરીયાદપક્ષ તરફે તપાસવાનો કોઈ પ્રયત્ન કરવામા આવેલ નથી કે અત્રેની અદાલતને એવુ માનવાને કારણ રહે કે ખરેખર આ બેઠક નં.ડી.૬૨૭૦૭ વાળી વ્યકિત આ પોતે જ છે અને તેઓની માર્કશીટનો હાલના આરોપી એટલે કે ડામોર સવજી ખાતરાજીએ ઉપયોગ કરેલ છે અને હાલના આરોપી કે જે ખરેખર ડામોર દાદુ ખાતરાજી હતા અને તેઓ ધ્વારા ડામોર સવજી ખાતરાજીનું નામ ધારણ કરી તમામ પ્રકારના ચેડાઓ તેઓના ધ્વારા જ કરવામા આવેલા હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે. જેથી સદરહુ સાહેદની જુબાની પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

(૧૯.૦) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૫૧થી સાહેદ રાજેશભાઈ પ્રહલાદભાઈ દેસાઈ નાઓને તપાસવામા આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં સવજીભાઈ ખાતરાજી ડામોર કે જેઓ નગરપ્રાથમિક શિક્ષણ સમીતીમાં શિક્ષક તરીકે નોકરી કરતા હોય તેઓની પ્રમાણપત્રોની ખરાઈ કરવા માટે તેઓ વડોદરા ખાતે તપાસ કરવા ગયેલ ત્યારે માર્કશીટમાં દર્શાવવામા આવેલા માર્કસ કરતા અરજી ફોર્મ સાથે માર્કશીટ રજુ કરેલ તે જુદા માર્કસ વડોદરાની કચેરીના રેકર્ડમા જણાયેલ અને પરીક્ષાર્થીનું નામ પણ તેમા અલગ હોવાનું જણાઈ આવેલુ.જેથી તેમણે એસ.એસ.સી. બોર્ડની કચેરી, વડોદરાના રેકર્ડની ચકાસણી કરી તે અંગેની નોંધ કરી અને તેનો વિગતવારનો રીપોર્ટ કચેરીને આંક–૩૪ વાળો સોંપેલ. જેમા તેમની સહી છે. આ રીપોર્ટમાં લખેલી હકીકતો તેમણે જોઈ તપાસીને લખેલી છે. જે સાચી અને ખરી છે. આરોપીએ નોકરી મેળવવાની અરજી સાથે જે માર્કશીટ રજુ કરેલ તે માર્કશીટમા માર્કના જે અક્ષરો છે તે ઘુંટેલા હતા અને મુળ વિદ્યાર્થીનું નામ પણ અલગ હતુ. મુળ વિદ્યાર્થીનું નામ તેમણે તેમના રીપોર્ટમાં લખેલુ. જે વિદ્યાર્થીની અટક સોલંકી હોવાનું તેમને યાદ છે પરંતુ આટલો લાંબો સમય થવાથી ચોકકસ નામ તેમને યાદ નથી. તેમણે એસ.એસ.સી. બોર્ડની કચેરી વડોદરા ખાતે જે માર્કશીટની ચકાસણી કરેલ તે માર્કશીટમા વિદ્યાર્થીનું નામ જે સોલંકી ભાઈનું જણાવેલ તે વિદ્યાર્થી ને કુલ ગુણમાથી ૨૯૫ ગુણ મળેલા અને તે નાપાસ જાહેર થયેલ. જયારે આરોપીએ જે અરજી સાથે માર્કશીટ રજુ કરેલ તેમા તેને વધારે ગુણ મળેલા અને તેને પાસ જાહેર કરવામા આવેલો તેવુ જણાઈ આવેલ. ત્યારબાદ તેમની કચેરી ધ્વારા આરોપી સામે ફરીયાદ દાખલ કરવામા આવેલ. સદરહુ સાહેદની બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમને આ કામે કચેરી તરફથી તપાસ કરવાનો જે લેખિત હુકમ આપેલ. જે આજરોજ તેમની સાથે લાવેલ

નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ કચેરી પાસેથી આ હુકમની માંગણી કરેલ પરંતુ કચેરી ધ્વારા રેકર્ડ ઉપલબ્ધ ન હોય તેવા જવાબ સાથે લેખિત હુકમ આપેલ નથી. વધુમાં સદરહુ સાહેદ એવુ પણ સ્વીકારે છે કે, તેમણે વડોદરા ખાતે એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં જે તપાસ કરેલી તે તપાસના કામે કોઈ અસલ રેકર્ડ કબ્જે કરેલ નથી. તેમણે તેમની તપાસના કામે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાથી કોઈના નિવેદનો લીધેલા નથી. મહેશભાઈ સોલંકી પાસેથી કોઈ માર્કશીટ મેળવી તેમણે આરોપીની માર્કશીટ સાથે સરખામણી કરેલ નથી. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની પણ તેમણે અસલ સાથે ખરાઈ કરેલ નથી. રજુ થયેલ દસ્તાવેજ સાથે અસલ દસ્તાવેજને સરખાવવામા ન આવે ત્યાં સુધી કયો દસ્તાવેજ સાચો છે અને કયો દસ્તાવેજ ખોટો છે તેવુ કહી શકાય નહી. તેઓ તપાસના કામે કયા કયા દિવસે કયા કયા ગયેલા તેવુ તેમણે તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. આંક-૩૪ સિવાયનો બીજો કોઈ રીપોર્ટ તેમણે કરેલો નથી.

આમ, સદરહુ સાહેદની જુબાનીની સમગ્રપણે ચર્ચા કરતા અત્રે એ હકીકત નોંધનીય છે કે, **આ કામના સાહેદ ધ્વારા તેઓને ઈન્કવાયરીના કામે તપાસ કરવા જવા અંગેનો આદેશ મળતા તેઓ ધ્વારા વડોદરા ખાતે જઈ તપાસ કરતા માર્કશીટમાં વિસંગતતા જણાઈ આવતા તેઓ ધ્વારા વિગતવારનો રીપોર્ટ આંક-૩૪ વાળો રજુ કરવામા આવેલ છે.** જેથી આ કામે આંક-૩૪ વાળો દસ્તાવેજ અતિ મહત્વનો બની રહે છે. વળી આ કામે ફરીયાદપક્ષ તરફે સદરહુ દસ્તાવેજ સાબીત કરવો જરૂરી થઈ પડે છે. તેમજ આ કામે ફરીયાદીની જુબાનીના વિસ્તૃત મુલ્યાંકન વખતે ચર્ચા કર્યા પ્રમાણે બેઠક નં.એસ.૩૯૧૨૨, માર્ચ-૧૯૯૧ માં સવજીભાઈ ખાતરાજી ડામોરના ખરેખર માર્કસ કુલ ટોટલ ૭૦૦ માથી ૩૫૧ આવેલ હતા. જયારે તેઓ ધ્વારા અત્રેની કચેરીમાં નોકરી મેળવવા માટે જે માર્કશીટ

રજુ કરેલ તે બેઠક નં.ડી.૬૨૭૦૭ (સેન્ટર–૩૪૮) માર્ચ–૧૯૮૮ કુલ ૭૦૦ માથી ૫૦૫ વાળી રજુ કરેલ છે જયારે ફરીયાદપક્ષ તરફેના તપાસવામા આવેલા સાહેદ ધ્વારા ગુણપત્રકની ચકાસણી માઘ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરાના દફતરે કરતા બેઠક નં. ડી. ૬૨૭૦૭ નંબરની માર્ચ–૧૯૮૮, વોલ્યુમ નં.૨૮૩૩, નામ : SOLANKI CHEHRABHAI SAVAJIBHAI નાઓની હોવાનું ખુલવા પામેલ છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, ફરીયાદપક્ષ તરફે તેઓ ધ્વારા જે વિગતો દર્શાવેલી છે તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ તેમની જુબાનીમાં રજુ કરી તે પુરવાર કરવાનો કોઈ પ્રયત્ન તેઓ ધ્વારા કરવામા આવેલ નથી તેમજ તેઓ ધ્વારા જે બેઠક નં.ડી.૬૨૭૦૭ના ખરેખર ઉપરોકત દર્શાવેલ ઉમેદવાર સોલંકીભાઈ નાઓને અત્રેની અદાલતમા તપાસવા અંગેની કોઈ તજવીજ કરેલ નથી કે તેઓને ફરીયાદપક્ષ તરફે ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી કે તેઓને અત્રેની અદાલતમા રજુ કરી માર્કશીટ ખરેખર તેઓની હોવાનું પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે કોઈ ખરેખર પ્રયત્ન કરવામા આવેલ નથી. જેથી સાહેદ ધ્વારા તેમણે જે માર્કસ લખેલા છે તે કમ્પેર કરવા સારૂ તેવા કોઈ ડોકયુમેન્ટો રજુ કરેલ નથી કે તેને આંકે પડાવેલ નથી કે જેથી કરીને અત્રેની અદાલતને એવુ માનવાને કારણ રહે કે, ખરેખર સવજી ઠાકોર ધ્વારા રજુ કરેલ માર્કશીટ અને ખરેખર માર્કશીટમાં તફાવત જણાય છે વળી આ કામે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમા સદરહુ સાહેદ એવુ સ્વીકારે છે કે, **તેમણે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાં જે તપાસ કરેલી તે તપાસના કામે કોઈ અસલ રેકર્ડ કબ્જે કરેલ નથી. તેમજ તેમની તપાસના કામે વડોદરા એસ.એસ.સી. બોર્ડની કચેરીમાથી કોઈના નિવેદનો લીધેલા નથી તેમજ ચેહરભાઈ સોલંકી પાસેથી કોઈ માર્કશીટ મેળવી તેમણે આરોપીની માર્કશીટ સાથે સરખામણી કરેલ નથી.** રજુ થયેલ દસ્તાવેજ અને અસલ દસ્તાવેજને સરખાવવામા ન આવે ત્યાં સુધી કયો

દસ્તાવેજ સાચો છે અને કયો દસ્તાવેજ ખોટો છે તેવુ કહી શકાય નહી.

વધુમાં **આ કામે આરોપીને શાસનાધિકારી કચેરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, ભાવનગર ધ્વારા નોકરીના ઈન્ટરવ્યુ માટે બોલાવેલ હોય તે ઈન્ટરવ્યુના આરોપીના કોલ લેટર આ કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામા આવેલ નથી** તેમજ જે માર્કશીટો રજુ રાખેલ છે તે રજુ થયેલ માર્કશીટોમાં જે ગુણ લખવામા આવેલા છે તે ગુણ ખરેખર કોણે સુધાર્યા છે કોના હસ્તાક્ષરથી લખવામા આવેલ છે તે બાબતે કોઈ હેન્ડરાઈટીંગની ખરાઈ કરવા એફ.એસ.એલ. અધિકારીને મોકલેલ નથી. જયારે **સદરહુ માર્કશીટ અને પ્રમાણપત્રો કોના ધ્વારા તૈયાર કરવામા આવેલ અને કોના ધ્વારા રજુ રાખવામા આવેલ તે અંગેનો પણ કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.** વળી આ કામે જો ખરેખર આરોપીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગરમાં શિક્ષક તરીકે નિમણુંક મેળવી નોકરી કરેલ હોય તો **તેઓના ખાતાના વડા અધિકારી ધ્વારા સર્વીસ બુકની નિભાવણી કરવામા આવે છે પરંતુ સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીની સર્વિસબુક કે સર્વિસ રેકર્ડ રજુ રાખવામા આવેલ નથી.** તેમજ આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ રજુ રાખેલ શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો શંકાસ્પદ/ખોટા છે પરંતુ તે શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો ખોટા છે તે અંગેની જાણ **તેઓને કયારે, કોના મારફત તથા કયા માધ્યમથી થયેલ. તે અંગેનો પણ કોઈ આધાર આ કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામા આવેલ નથી.** આરોપીએ જે માર્કશીટ તથા પ્રમાણપત્ર રજુ રાખેલ છે તેની ચકાસણી કરતા સદર માર્કશીટોમાં જણાવેલ બેઠક ક્રમાંક અન્ય ઈસમોના હોવાનું જણાવેલ છે પરંતુ તે સાચા બેઠક ક્રમાંકની માર્કશીટોની અસલ કે ઝેરોક્ષ આ કામે રજુ થયેલ નથી તેમજ સદર **માર્કશીટો તથા પ્રમાણપત્રોની ચકાસણી કોના ધ્વારા કરવામા આવેલ**

**છે તે હકીકત પણ ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. આરોપીએ પોતાની નોકરી દરમ્યાન સરકારમાથી પગાર મેળવેલ હોય તે અંગેનો પણ કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ રાખેલ નથી.** વળી આ કામે કહેવાતી ધોરણ-૧૦ ની એસ.એસ.એસ.ની માર્કશીટ ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામા આવેલ છે તે માર્કશીટમા ખરેખર કોની સહીઓ છે અને કોના ધ્વારા ઈસ્યુ કરવામા આવેલ છે તે અંગેનો પણ કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

વધુમાં આ કામે એ હકીકત પણ નોંધનીય છે કે**, આ કામે આરોપી પાસેથી કોઈ માર્કશીટ કે પ્રમાણપત્રો કે અરજી પંચનામાની રૂઈએ કબ્જે કરવામા આવેલ હોય અને તે માર્કશીટ, પ્રમાણપત્ર કે અરજી તપાસ દરમ્યાન કબ્જે કરવામા આવેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી.** જેથી ફરીયાદપક્ષ તરફથી જે માર્કશીટ, પ્રમાણપત્ર કે અરજી ચકાસણી માટે મોકલવામા આવેલ તે માર્કશીટ, પ્રમાણપત્ર કે અરજી તેઓની પાસે **કયાંથી, કયા માધ્યમથી, કેવી રીતે આવેલ તે હકીકત શંકાસ્પદ જણાય છે.**

આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓની જુબાનીમાં તેઓ ધ્વારા ઈન્કવાયરી કરી શાસનાધિકારી કચેરીમા રીપોર્ટ રજુ કરેલ તે સંલગ્ન અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી તે સાબીત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય તેઓની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

(૨૦.૦) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક-૫૯ થી ડામોર કાંતીભાઈ ખાતરાજી નાઓને તપાસવામા આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા હોય તેઓની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

(૨૧.૦) આમ, જયારે ફરીયાદપક્ષ તરફે રજુ કરવામા આવેલ

ચારેય સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતાં આ કામના આરોપી ડામોર દાદુ ખાતરાજી હોવા છતા પોતાના ભાઈ ડામોર સવજી ખાતરાજી વાળુ નામ ધારણ કરી બનાવટી દસ્તાવેજો ઉભા કરી શિક્ષક તરીકે નોકરી કરી આ કામના આરોપીએ વિશ્વાસઘાત કે છેતરપીંડી કરેલ હોવાનું પણ ફરીયાદપક્ષ ધ્વારા નિ:શંકપણે પુરવાર કરવામા આવેલ નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ ગઈ તા.૧૬/૧૦/૧૯૯૬ના રોજ આરોપી કે જે ખરેખર દાદુ ખાતરાજી ડામોર હોવા છતાં પોતાના ભાઈ સવજી ખાતરાજીનું ખોટુ નામ ધારણ કરી તથા સવજી ખાતરાજીના એસ.એસ.સી. તથા શાળા છોડયા અંગેના પ્રમાણપત્રો બનાવટી ખોટા ઉભા કરી ખોટી માહીતી પુરી પાડી સવજી ખાતરાજી નામે ભાવનગરમાં બેકલોગ શિક્ષકની નોકરી મેળવી સને-૧૯૯૨ થી તા.૦૮/૦૧/૧૯૯૭ સુધી પોતે સવજી ખાતરાજી નહી હોવા છતા તે ખોટા નામે શિક્ષક તરીકે નોકરી કરી પોતાનું અસલ નામ છુપાવી સરકારશ્રી સામે છેતરપીંડી તથા ઠગાઈ કરી ગુન્હાહીત કૃત્ય કરી ગુન્હો કરેલ છે તેવુ ફરીયાદપક્ષ નિ:શં કપણે પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામે ફરીયાદપક્ષ જયારે રેકર્ડ પરના પુરાવા પરથી, આ કામના આરોપી સામે, વ્યાજબી શંકાથી પર, ભારતીય દંડ સંહીતાની કલમ- ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ મુજબનો ગુન્હો સાબીત કરવામાં સફળ થયેલ ન હોય, ત્યારે મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપવામા આવે છે અને મુદ્દા નં.-૨ અંગે, હાલના તબ્બકે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## //:: હુકમ ::://

૧. આ કામના આરોપી ડામોર સવજી ખાતરાજી જેનું ખરૂ નામ ડામોર દાદુ ખાતરાજી રહે. હાદાનગર, સત્યનારાયણ સોસાયટી, ભાવનગર નાઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહીતાની કલમ-૪૧૯ , ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાથી પુરાવાના

અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના બેલ બોન્ડ રદ્દ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે રૂ.૨૦,૦૦૦/–ના જામીન તથા જાત મુચરકા રજુ કરવા. જે જામીન આ હુકમની તારીખથી છ માસ સુધી અમલમા રહેશે.

આ હુકમ આજરોજ તારીખ : ૩૧ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

( એ. એસ. શેખ )

સ્થળ : ભાવનગર

તારીખ : ૩૧/૦૭ /૨૦૨૬

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

ભાવનગર.

**JUDGE CODE : GJ00899**

FAIZAN